**આજનો સુવિચાર**

જે કપાઈ જાય તેને ઉંમર કહેવાય, જે જીવાય તેને જીવન કહેવાય

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૬૧ જૂનાગઢ તા.૨૩-૦૨-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 61, Junagadh : Date : 23 February, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay





# વેરાવળ બંદરેથી રૂા. ૩૫૦ કરોડનું હેરોઈન ઝડપાયું : ૯ ખલાસીની ધરપકડ




વેરાવળ તા.૨૩

વેરાવળ બંદરેથી રૂા.૩૫૦ કરોડોની કિંમતના હેરોઈનનો જથ્થો ઝડપાયો છે. દરિયાઈ માર્ગે ફિશિંગ બોટમાં ૫૦ કિલો હેરોઈનનો જથ્થો વેરાવળ લાવવામાં આવ્યો હતો. જે મધ્યરાત્રીના બાતમી આધારે પોલીસે ઝડપી પાડ્યું છે. એક કિલો હેરોઈનની આંતરરાષ્ટ્રીય કિંમત ૭ કરોડ છે. જેથી ૫૦ કિલો હેરોઈનની કુલ રૂા.૩૫૦ કરોડ જેટલી થાય છે. હાલ ATS સહિત ગીર સોમનાથ SOG, LCB, FSL અને મરીન પોલીસ સહિતની બ્રાન્ચ દ્વારા સંયુક્ત તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.

ગીર સોમનાથ એસપી મનોહરસિંહ જાડેજાની ટીમ દ્વારા વેરાવળમાં નશીલા પદાર્થ અંગે મેગા ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. જેમાં ૫૦ કિલો હેરોઈનના જથ્થા સાથે ૯ ખલાસીઓ ધરપકડ કરવામાં આવી છે.

અરબી સમુદ્રમાં દરિયાઈ માર્ગે આવતા નશીલા પદાર્થના મોટા જથ્થાને સુરક્ષા એજન્સીએ ઝડપી પાડ્યો છે. જે FSL રિપોર્ટ આવ્યા બાદ આ માદક પદાર્થ હેરોઈન હોવાની માહિતી બહાર આવી હતી. સૂત્રોમાંથી માહિતી વિગતો મુજબ વેરાવળ નજીકના સમુદ્રમાંથી સુરક્ષા એજન્સીઓને મળેલી બાતમીના આધારે એક ફિશિંગ બોટમાં વેરાવળ બંદર ઉપર આવી રહેલા હેરોઈનના મોટા જથ્થાને ઝડપી પાડવામાં આવ્યો છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પોલીસના મેગા ઓપરેશન વિશે ટ્વીટ કરી મહિતી આપી હતી. તેમજ સફળતાપૂર્વક કામગીરી કરવા બદલ ગીર સોમનાથ પોલીસને અભિનંદન પાઠવ્યા હતા.

એસઓજી, એલસીબી સહિતની સુરક્ષા એજન્સીઓ દ્વારા બોટમાંથી ઝડપાયેલા ૯ જેટલા ખલાસીઓનું ઈન્ટરોગેશન કરવામાં આવી રહ્યું છે.

આધારભૂત સૂત્રોમાંથી માહિતી મળી રહી છે તે મુજબ રાજકોટના અમુક રીસીવરો આ નશીલા પદાર્થની ડીલીવરી લેવા માટે વેરાવળ બંદર ઉપર પણ આવી પહોંચ્યા હોવાની સુરક્ષા એજન્સીઓને બાતમી મળી છે સુરક્ષા એજન્સીઓ દ્વારા આ દિશામાં પણ તપાસનો ધમધમાટ હાથ ધરવામાં આવ્યો છે. હાલ સુરક્ષા એજન્સીઓને મોટી સફળતા મળી છે. ત્યારે આ નશીલા પદાર્થની હેરાફેરીમાં સ્થાનિક કોઈ માછીમાર અથવા કોઈ એવા ગુનાહિત માનસ ધરાવતા તત્વોની સંડોવણી છે કે કેમ? આ ઉપરાંત આ નશીલા પદાર્થનો જથ્થો કોણે મોકલ્યો હતો ? કોના દ્વારા મંગાવામાં આવ્યો હતો ? તે દિશામાં પણ તપાસનો ધમધમાટ હાથ ધરવામાં આવ્યો છે.

## વિશ્વનાં ટોચનાં નેતાઓની યાદીમાં વડાપ્રધાન મોદી લોકપ્રિયતામાં સૌથી પ્રથમ ક્રમે નામાંકીત



નવી દિલ્હી,તા.૨૩

વડાપ્રધાન મોદી ફરી એક વખત દુનિયાના લોકપ્રિય નેતાઓની યાદીમાં સ્થાન મેળવ્યું છે. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પૂર્વે જારી કરવામાં આવેલા આંકડાએ ફરી એક વખત વિશ્વમાં નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા અકબંધ હોવાનું જાણવા મળ્યું હતું.

વડાપ્રધાન મોદી ફરી એક વખત ૭૭ ટકાના પોઈન્ટ સાથે વિશ્વના ટોચના નેતાઓમાં તેમની લોકપ્રિયતા મોખરે હોવાનું પુરવાર કર્યું છે. લોકપ્રિયતાના મામલે પશ્ચિમી દેશોના નેતાઓ પણ તેમની આગળ થઈ શક્યા નથી, જયારે વડાપ્રધાન મોદી એક સફળ અને મજબૂત નેતા તરીકે વૈશ્વિક મંચ પર મોખરે રહ્યા છે.

મોર્નિંગ કન્સલ્ટન્ટ પોલિટિકલ ઈન્ટેલિજન્સ સર્વેમાં વિશ્વના સૌથી લોકપ્રિય નેતાઓની યાદી જારી કરવામાં આવી હતી, જેમાં વડા પ્રધાન મોદી મોખરે છે. બીજા નંબરે મેકસિકન રાષ્ટ્રપતિ એન્ડ્રૂ મેન્યુઅલ છે, જેમાં લોકપ્રિયતાની યાદીમાં તેમને ૬૪ ટકા મળ્યા છે. આ યાદીમાં સ્વિટઝર્લેન્ડના લીડર એલેન બાર્સેટ ૫૭ ટકા પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે.

આ ઉપરાંત, પચાસ ટકા પોઈન્ટ સાથે પોલેન્ડના વડાપ્રધાન આ યાદીમાં ચોથા નંબરે છે, જયારે બ્રાઝિલના વડા પ્રધાન લુઈસ ઈનસિયો લુલા દા સિલ્વા પાંચમા ક્રમે રહ્યા છે. વૈશ્વિક લીડરની લોકપ્રિયતાની યાદીમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બાનીઝ ૪૫ ટકા સાથે છઠ્ઠા કમે છે.

## લોકસભાની ચુંટણી પહેલા પેટ્રોલમાં રૂા. ૧૧ અને ડીઝલમાં રૂા. ૬નો ઘટાડો કરાશે




નવી દિલ્હી,તા. ૨૩

ટૂંક સમયમાં જ પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો થવાની સંભાવના છે. આ ભાવ ઘટાડો ૧-૨ રૂપિયાની નથી પણ મોટી હોય શકે છે. સૂત્રોનું માનીએ તો આગામી માર્ચ માસમાં તેની જાહેરાત પણ થઈ શકે છે. આ સાથે જ એક રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે પેટ્રોલ-ડીઝલની કિંમતમાં ૬ થી ૧૧ રૂપિયાનો ઘટાડો થઈ શકે છે. ક્રૂડ ઓઈલના ભાવ પણ વાતને ટેકો આપી રહ્યા છે. ભારતીય ઓઈલ કંપનીઓ સતત નફો કમાઈ રહી છે. આવી સ્થિતિમાં સામાન્ય માણસને પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થોડી રાહત મળી શકે છે. સૂત્રોનું માનીએ તો પેટ્રોલિયમ મંત્રાલયે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડા અંગેનો પ્રસ્તાવ વડાપ્રધાન સમક્ષ રજૂ કરી દીધો છે. ICRAના તાજેતરના અહેવાલમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી હતી. ICRAનો અંદાજ છે કે OMCને આંતરરાષ્ટ્રીય ઉત્પાદનોની સરખામણીમાં સતત ફાયદો થઈ રહ્યો છે. માર્જિનના આધારે પેટ્રોલ પર લગભગ ૧૧ રૂપિયા પ્રતિ લિટરનો નફો થાય છે. તે જ સમયે, ડીઝલ પર પણ પ્રતિ લિટર ૬ રૂપિયાનો નફો દેખાઈ રહ્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૩ થી પેટ્રોલ માર્જિનમાં સુધારો થયો છે. ડીઝલ માર્જિનમાં પણ ઓક્ટોબર ૨૦૨૩ થી સુધારો જોવા મળ્યો છે.

૬ એપ્રિલ ૨૦૨૨ થી પેટ્રોલ અને ડીઝલની પ્રી-રિફાઈનરી કિંમતોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. બીજી તરફ ક્રૂડ ઓઈલની નીચી કિંમતોમાં સતત હિલચાલને કારણે ત્રણેય સરકારી ઓઈલ કંપનીઓ - ઈન્ડિયન ઓઈલ કોર્પ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમને મોટો નફો થયો છે. નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં, IOC, BPCL અને HPCLએ સંયુક્ત રીતે રૂપિયા ૫૮,૧૯૮ કરોડનો ચોખ્ખો નફો કર્યો હતો.

ICRAનો રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે માર્જિનમાં વધારો થવાને કારણે પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં ઘટાડો થઈ શકે છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે જો માર્ચમાં ક્રૂડ ઓઈલની કિંમત ૮૦ ડોલરની આસપાસ રહે છે તો પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થશે. આ ઘટાડો ડીઝલ પર ૬ રૂપિયા પ્રતિ લીટર અને પેટ્રોલ પર ૧૧ રૂપિયા પ્રતિ લીટર સુધીનો હોઈ શકે છે. બેન્ચમાર્ક ક્રૂડની કિંમત બેરલ દીઠ ૮૦-૮૨ ડોલરની આસપાસ છે. ઓપેક પહેલેથી જ સંકેત આપી ચૂક્યું છે કે આ ક્વાર્ટરમાં તેલ ઉત્પાદનમાં ઘટાડો ચાલુ રહેશે.

## ૫૦ વર્ષ બાદ ફરીવાર અમેરીકાનું અંતરીક્ષ યાન ચંદ્રની ધરતી પર ઉતર્યુ

વોશિંગ્ટન,તા.૨૩

અમેરિકા ફરી એકવાર ચંદ્ર પર પહોંચી ગયું છે. લગભગ ૫૦ વર્ષ પછી એક અમેરિકન અવકાશયાન ચંદ્રની સપાટી પર ઉતર્યું છે. ૧૯૭૨માં છેલ્લા એપોલો મિશનથી, અમેરિકન નિર્મિત અવકાશયાન હવે ચંદ્રની સપાટી પર ઉતર્યું છે. ચંદ્ર પર ઉતરેલા આ અવકાશયાનનું નામ ઓડીસિયસ અથવા ઓડી છે. તે ૬ પગવાળું રોબોટિક લેન્ડર છે જે શુક્રવારે ભારતીય સમય અનુસાર સવારે ૪:૩૦ વાગ્યે ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક માલાપર્ટ A નામના ખાડામાં ઉતર્યું હતું. ચંદ્રનો દક્ષિણ ધ્રુવ એ જ ભાગ છે જેની નજીક ભારતનું ચંદ્રયાન ૩ વિક્રમ લેન્ડર ઉતર્યું હતું.

લેન્ડિંગ પછી સિગ્નલ કન્ફર્મ થતાંની સાથે જ મિશન ડાયરેક્ટર ડો. ટિમ ક્રેને કહ્યું, ‘હ્યુસ્ટન, ઓડીસિયસને તેનું નવું ઘર મળી ગયું છે.’ તેને નાસાના સહયોગથી ખાનગી કંપનીએ બનાવ્યું છે. સ્ટીવ અલ્ટેમસે કહ્યું, ‘હું જાણું છું કે આ મુશ્કેલ હતું, પરંતુ અમે સપાટી પર છીએ. અમે ટ્રાન્સમિટ કરી રહ્યા છીએ. ચંદ્ર પર આપનું સ્વાગત છે. નાસાના પ્રશાસક બિલ નેલ્સને વીડિયો સંદેશ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા. તેણે કહ્યું કે અમને ચંદ્ર મળી ગયો છે. અડધી સદી બાદ અમેરિકા ફરી ચંદ્ર પર પહોંચી ગયું છે.

આ સમગ્ર મિશન ખાનગી કંપનીનું છે. પરંતુ નાસાએ તેના વૈજ્ઞાનિક સાધનો અને ટેક્નોલોજીને ચંદ્ર પર લઈ જવા માટે તેને ભંડોળ પૂરું પાડયું હતું. આ લેન્ડર સાથે મોકલવામાં આવેલ નાસા પેલોડ્સ ચંદ્રની સપાટી સાથે ભવિષ્યના લેન્ડર્સ માટે અવકાશ હવામાન, રેડિયો ખગોળશાષા અને ચંદ્ર ડેટા એકત્રિત કરશે. નાસાનું ધ્યેય ફરી એકવાર મનુષ્યને ચંદ્ર પર મોકલવાનું છે. આ સંદર્ભમાં આ મિશન ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો કે, ઓડીસિયસના એક મહિના પહેલા, અન્ય ખાનગી કંપનીનું મિશન નિષ્ફળ ગયું હતું.

## ફેબ્રુઆરી માસનાં અંત સુધીમાં ભાજપ દ્વારા લોકસભાનાં ૧૦૦ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરાશે

નવી દિલ્હી તા. ૨૩

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ભાજપમાં ઉમેદવારો માટે મંથન ઝડપી થયું છે. ભાજપના સૂત્રોનું કહેવું છે કે ચાલું મહિનાના અંત સુધીમાં ૧૦૦ ઉમેદવારોની જાહેરાત થઈ શકે છે. આ ઉમેદવારો તે બેઠકો પર જાહેર કરવામાં આવશે, જેને પાર્ટી પોતાના માટે મુશ્કેલ માની રહી છે. સમગ્ર મામલાની જાણકારી ધરાવતા સૂત્રોનું કહેવું છે કે ૧૦૦ બેઠકો માટેના ઉમેદવારોની જાહેરાત કરવામાં આવશે. તેમાં યુપી, બંગાળ, મહારાષ્ટ્ર અને તમિલનાડુ જેવા રાજયોનો સમાવેશ થાય છે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં આ બેઠકો પર ભાજપને હારનો સામનો કરવો પડ્યો હતો. આવી સ્થિતિમાં પાર્ટી ઈચ્છે છે કે અહીં અગાઉથી તૈયારીઓ કરી લેવામાં આવે. ઉમેદવારો સમયસર જાહેર કરવા જોઈએ જેથી તેઓ વિસ્તારમાં પ્રચાર શરૂ કરી શકે. પીએમ નરેન્દ્ર મોદી પોતે દક્ષિણ ભારતના તમિલનાડુ, લક્ષદ્વીપ, કેરળ, તેલંગાણા સહિતના રાજયોની મુલાકાત લઈ ચૂક્યા છે. આ પાછળની રણનીતિ એ હતી કે જયાં પાર્ટી નબળી હોય ત્યાં પોતાની પકડ મજબૂત કરવામાં આવે. પાર્ટીએ કુલ ૧૬૦ બેઠકો પસંદ કરી છે જેના પર તે પોતાને નબળી માને છે. આ બેઠકો પર છેલ્લા બે વર્ષથી જનસંપર્ક અભિયાન ચાલી રહ્યું છે. કેન્દ્રીય મંત્રીઓ કે મોટા નેતાઓને અહીં પ્રભારી બનાવવામાં આવ્યા છે અને તેઓ પ્રવાસ કરી રહ્યા છે.ભાજપ જે પ્રથમ યાદી જાહેર કરવા જઈ રહી છે તેમાં કેટલાક કેન્દ્રીય મંત્રીઓનો પણ સમાવેશ થઈ શકે છે.

## શરદ પવારની પાર્ટીને નવુ ચુંટણી ચિહન મળ્યું : મરાઠાઓનું પરંપરાગત વાજીંત્ર તુતારી

મુંબઈ,તા. ૨૩

મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા શરદ પવાર જૂથને નવું પ્રતીક મળ્યું છે. ચૂંટણી પંચે ચૂંટણી ચિન્હને મંજૂરી આપી દીધી છે. શરદ પવાર જૂથને તુતારી ચૂંટણી ચિન્હ મળ્યું છે, જેમાં એક વ્યક્તિ ટ્રમ્પેટ વગાડતો જોવા મળી રહ્યો છે. એનસીપીના શરદ ચંદ્ર પવારે ટ્વિટ કરીને આ જાણકારી આપી હતી. એનસીપીના શરદ ચંદ્ર પવારે એકસ પર પાર્ટીનું ચિહ્ન અને ચૂંટણી પંચનો પત્ર પોસ્ટ કર્યો હતો. જેમાં પાર્ટીએ લખ્યું કે શરદ પવારની સાથે ‘તુતારી’ ફરી એકવાર દિલ્હીની ગાદીને હચમચાવી મૂકવા માટે તૈયાર છે. દ્રઢ શરદ ચંદ્ર પવારના ઉમેદવાર આ ચિહ્ન પર લોકસભા ચૂંટણી ૨૦૨૪ લડશે.

ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે બાદ શરદ પવારને પાર્ટીની સાથે નવું ચૂંટણી ચિન્હ પણ મળી ગયું છે. શિવસેનામાં એકનાથ શિંદેના બળવાના કારણે ઉદ્ધવ ઠાકરેની સરકાર પડી ગઈ હતી. ત્યારબાદ ચૂંટણી પંચે શિવસેના અને ચૂંટણી ચિન્હ શિંદે જૂથને સોંપી દીધા હતા અને ઉદ્ધવ ઠાકરેને નવો પક્ષ ‘શિવસેના ઉદ્ધવ બાલા સાહેબ ઠાકરે’ મળ્યો અને તેનું ચૂંટણી પ્રતીક મશાલ છે. આવી જ રમત શરદ પવાર સાથે પણ થઈ છે.

મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી અજિત પવાર કાકા શરદ પવારથી અલગ થઈ ગયા અને શિંદે સરકારમાં જોડાઈ ગયા હતા. ૬ ફેબ્રુઆરીએ, ચૂંટણી પંચે અજિત પવાર જૂથને અસલ દ્રઢ માની અને તેમને પાર્ટી અને પ્રતીક સોંપ્યું. આ પછી શરદ પવારે ઈઝને પાર્ટીનું નવું નામ સૂચવ્યું. તેના પર પંચે એનસીપી શરદચંદ્ર પવારને મંજૂરી આપી હતી. હવે ચૂંટણી પંચે તેમને નવું ચૂંટણી ચિન્હ તુતારી આપ્યું છે.

## ચીને ભારતનો ૯૫ ગીગાબાઈટ ઈમીગ્રેશન ડેટા હેક કર્યો : ચકચાર

વોશિંગ્ટન,તા.૨૩ : ભારત સહિત વિશ્વના અનેક દેશોના સાયબર જાસુસી કરી રહેલા ચીનના સરકાર સમર્થિત હેકર્સ ગ્રુપ દ્વારા ભારતમાં ઈમીગ્રેશનના સંવેદનશીલ ૯૫.૨ ગીગાબાઈટ ડેટાની ઉઠાંતરી કરી હોવાનો ઘટસ્ફોટ અમેરિકી અખબાર વોશિંગ્ટન પોસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે અને જણાવાયું છે કે, ચીનના સાયબર હેકર્સને દેશના ઈન્ટીલીજન્સ સહિતના વિભાગોનું સમર્થન મળી રહ્યું છે અને તેના મારફત તેઓ વિદેશી સરકાર અનેક મહત્વની મલ્ટીનેશનલ કંપનીઓ તથા મોટા ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટને નિશાન બનાવી રહ્યા છે. ગઈકાલે પ્રસિધ્ધ થયેલા રીપોર્ટમાં જણાવાયું છે કે, ચાઈનીઝ સરકારની સતાવાર લીંક ધરાવતા હેકર ગ્રુપએ આ પ્રકારે ‘ધ કેચ’ પ્રકારે ૫૭૦ ફાઈલ્સ, ઈમેજ અને ચેટલોગ્સની ઉઠાંતરી કરી છે. જેને કારણે ભારતના ઈમીગ્રેશન ડેટાની સલામતી સામે પણ પ્રશ્ન ઉભો થયો છે. ચાઈનીઝ હેકર્સનો દાવો છે કે માઈક્રોસોફટ, એપલ અને ગુગલ કંપનીના પ્રોગ્રામ અને સોફટવેર સિસ્ટમને તોડી શકે છે.

:: ફ્લેટ વેચવાનો છે ::
2 BHK ડાઈનીંગ, ફુલ ફર્નીચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે.
નોબલ ટાવર, નહેરૂપાર્ક
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

સ્ટાફ જોઈએ છે
અનુભવી / બિન અનુભવી
SWARAJ
સેલ્સમેન ● હેડ મેકેનીક ● હેલ્પર
જુનાગઢ, વિસાવદર, ભેસાણ, મેંદરડા
અનુભવીને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.
મો. ૭૮૭૪૪ ૪૭૨૭૪
શ્રી યમુના ટ્રેકટર્સ
લક્ષ્મી પેટ્રોલ પંપની સામે, સરગવાડા બસ સ્ટેશનની બાજુમાં, રાજકોટ રોડ, જુનાગઢ.

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા +
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# નોબલ યુનિવર્સિટી દ્વારા 'ગાય, ગામડું અને ખેતી' વિષય ઉપર પરીસંવાદ યોજાયો



જૂનાગઢ, તા.૨૩

ગત તારીખ ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ નોબલ યુનિવર્સિટી ખાતે મેનેજમેન્ટ કોન્ફલેવ આંત્રપ્રેન્યોરશિપ સિરીઝ એપિસોડ વન અંતર્ગત 'શ્રી ગીર ગૌ કૃષિ જતન સંસ્થાન' ના સ્થાપક રમેશભાઈ રૂપારેલીયા સાથે પરીસંવાદ યોજવામાં આવેલ હતો. જેમાં રમેશભાઈ રૂપારેલીયાએ 'શ્રી ગીર ગૌકૃષી જતન સંસ્થાન' અને તેની કામગીરી વિશે વિદ્યાર્થીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. રમેશભાઈએ પોતાનામાં રહેલી ખેતી અને ગાયની સાર સંભાળ તેમજ સારવાર કરવાની કુશળતા અને કૌશલ્યનો ખેડૂતો વધુમાં વધુ લાભ મેળવી શકે તે હેતુથી 'શ્રી ગીર ગૌ કૃષી જતન સંસ્થાન' ની સ્થાપના કરી હતી જ્યાં તેઓ પોતાની ૧૦ એકર જમીન અને ૧૫૦ ગીર ગાયોની સાર સંભાળ રાખે છે તેમજ ગાયના દૂધ, ગોબર અને મૂત્રમાંથી વિવિધ પ્રકારના મૂલ્ય વર્ધક ઉત્પાદકો જેવા કે આયુર્વેદિક ઘી, ચવનપ્રાશ, મીઠાઈ, પીનટ બટર, કેટલફીડ, હર્બલ હ્યુમન ફીડ સપ્લીમેન્ટ,ખાતર, ખોળ, ગૌમૂત્ર અર્ક, ગૌમાય ભસ્મ, ઓર્ગેનિક સાબુ, અગરબત્તી વગેરે જેવી ૨૦૦થી પણ વધારે ઉત્પાદકોનો ઉત્પાદન, વેચાણ તેમજ સર્ટિફિકેશન કઈ રીતે કરાવવું તેના ટ્રેનિંગ પ્રોગ્રામ ચલાવે છે જેની અંદર અત્યાર સુધીમાં ૯,૦૦૦ થી પણ વધારે ખેડૂતોએ ટ્રેનિંગ લીધેલ છે. શ્રી ગીર ગૌ કૃષિ જતન સંસ્થાન'ની અંદર ૧૦૦ થી પણ વધારે લોકોને રોજગારી મળેલ છે. 'શ્રી ગીર ગૌ કૃષિ જતન સંસ્થાન' દ્વારા ઉત્પાદન થયેલ પ્રોડક્ટ નું સંયુક્ત રાજ્ય યુ.એસ.એ, બ્રાઝિલ અને વેનેઝુએલા જેવા વિવિધ દેશોમાં પણ નિકાસ કરવામાં આવે છે. આજના આ ડિજિટલ યુગની સાથે કદમથી કદમ મિલાવવા રમેશભાઈ દ્વારા યુ ટ્યુબ ચેનલ તેમજ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મથી તેઓ દેશ-વિદેશના બે લાખ ચાલીસ હજાર કરતા પણ વધારે લોકો સાથે જોડાઈને તેમને સતત માર્ગદર્શન પૂરૂ પાડતા રહે છે. પોતાની પ્રોડક્ટના સરળ અને ઝડપી વેચાણ અર્થે તેમણે 'વૈદિક ગોપાલન વિદ્યા' નામની એક એપ્લિકેશન પણ બનાવે છે જે લગભગ ૧૮ જેટલી અલગ અલગ ભાષામાં ઉપલબ્ધ છે અને ૧૮,૦૦૦ થી પણ વધારે લોકો આ એપનો ઉપયોગ કરતા થયા છે આ ઉપરાંત રમેશભાઈને ૪૦ કરતા પણ વધારે ન્યુઝ આર્ટિકલ્સ તેમજ ૧૨ કરતાં પણ વધારે ન્યુઝ ચેનલો દ્વારા ઈન્ટરવ્યૂ માટે આમંત્રિત કરાયેલા છે. રમેશભાઈને વર્ષ ૨૦૨૨માં 'કિસાન ઓફ ધ યર' અને વર્ષ ૨૦૨૩માં 'ધ મિલેનિયર ફાર્મર ઓફ ઈન્ડિયા' ના એવોર્ડ થી સન્માનિત કરાયા છે. 'કમ આયુ ઔર બિના વ્યવસાયિક પૃષ્ઠભૂમિ વાલા સફલ બિઝનેસમેન'નો પર્યાય રમેશભાઈ રૂપારેલીયા. નોબલ યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલા 'બિઝનેસ સ્પિરિટ'ને ઉજાગર કરવાના હેતુથી શરૂ કરાયેલી મેનેજમેન્ટ કોન્ફલેવ આંત્રપ્રેન્યોરશિપ સિરીઝના સફળ સંચાલન બદલ નોબલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ નિલેશભાઈ ધુલેશિયા, મેનેજિંગ ટ્રસ્ટી શુરૂ વી.પી. ત્રિવેદી, કો મેનેજિંગ ટ્રસ્ટી કે.ડી.પંડ્યા, પ્રોવોસ્ટ ડો.એચ.એન. ખેર દ્વારા નોબલ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર અને ડીન ડો. જય તલાટી તેમજ એમની ટીમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા

# જીલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાનની અધ્યક્ષતામાં જીલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો

## ૨૧ જેટલા અરજદારોને રૂબરૂ સાંભળ્યા : જનપ્રશ્નોના હકારાત્મક ઉકેલ માટે નિર્દેશ






જૂનાગઢ, તા.૨૩

જનપ્રશ્નોના નિવારણ માટેનું સશક્ત માધ્યમ બની ચૂકેલા સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાને ૨૧ જેટલા અરજદારોને રૂબરૂ સાંભળ્યા હતા. જિલ્લા કક્ષાના આ સ્વાગત કાર્યક્રમમાં અરજદારોના પ્રશ્નોના નિવારણ માટે તેમની રજૂઆતો સાંભળી સબંધિત અધિકારીઓને હકારાત્મક ઉકેલ માટે જરૂરી સૂચનાઓ આપી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ અરજદારોના પ્રશ્નોના નિવારણ માટે સ્થળ વિઝીટ કરવા પણ સૂચના આપી હતી. સાથો સાથ સમય મર્યાદામાં અરજદારનો પ્રશ્નનો ઉકેલ આવે તે માટે પણ નિર્દેશ આપ્યા હતા. અરજદારોના પ્રશ્નનો સંપૂર્ણ ઉકેલ આવે તે માટે આગામી જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં પણ ચર્ચા કરવામાં આવશે. જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાને બિનજરૂરી તુમાર ઉભો ન થાય અને અને અરજદારોના પ્રશ્નોનું હકારાત્મક અભિગમ સાથે ઉકેલ આવે તે માટે પણ સબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. આ જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં દબાણ, ગૌચર, પ્રાથમિક સુવિધાઓ, વારસાઈ એન્ટ્રી, ટીપી સ્કીમ વગેરે પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. આ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટર એન.એફ. ચૌધરી, પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી મીરાબેન સોમપુરા સહિતના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ ખાતે ઝાલોરી પીંજારા સમાજના પ્રમુખ-ઉપપ્રમુખની થયેલ વરણી

જૂનાગઢ, તા.૨૩

તાજેતરમાં તા.૨૦/૨/૨૦૨૪ મંગળવારના રોજ રાત્રે ૯:૩૦ કલાકે જૂનાગઢ ઝાલોરી પીંજારા મુસ્લીમ જમાતની જનરલ બોર્ડની મીટીંગનું આયોજન સિંગાપુરવાળા હોલ ખાતે કરવામાં આવ્યું હતું જેમાં જમાતની હાજરીમાં પ્રમુખ, ઉપપ્રમુખની ચુંટણી યોજાયેલ હતી જેમાં પ્રમુખ તરીકે રજાકભાઈ જુસબભાઈ રાઠોડને સર્વાનુમતે ચુંટવામાં આવેલ હતા અને ઉપપ્રમુખ તરીકે તોફીકભાઈ ઈકબાલભાઈ પરમારને ચુંટવામાં આવેલ હતા જેમાં જમાતના તમામ સભ્યોએ આ સર્વ માન્ય રાખી ચુંટાયેલ સભ્યોને આવકાર્યા હતા. જમાતની જનરલ બોર્ડની મળેલ મિટીંગમાં નવા ચુંટાયેલ હોદેદારોની પીંજરા સમાજના રાહબર પીરે તરીકત હાજી ઈકબાલહુસેનબાપુ તેમજ પીરઝાદા ઈકરામહુસેન બાપુએ દુવાઓ આપી અભિનંદન આપ્યા હતા તેમજ સાથો સાથ સમાજના લોકોએ, જમાતના વડીલો, પરીવારજનો, મિત્રોએ વરણીને વધાવી અભિનંદન પાઠવ્યા હતા.

# વિસાવદર માર્કેટીંગ યાર્ડમાં ચેરમેન અને વા. ચેરમેન બીનહરીફ ચુટાયા

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર, તા.૨૩



જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જૂનાગઢ અને ચુંટણી અધિકારી જે.એસ. શાહ અધ્યક્ષ સ્થાને માર્કેટીંગ યાર્ડ, વીસાવદરમાં સભાપતી અને ઉપ-સભાપતીની ચુંટણી યોજવામાં આવેલ હતી. ચેરમેન તરીકે વિનોદકુમાર સમજુભાઈ હપાણી અને વા. ચેરમેન તરીકે હરેશભાઈ ગોવિંદભાઈ રીબડીયાને ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. માર્કેટીંગ યાર્ડની સામાન્ય ચુંટણી જાહેર કરવામાં આવી ત્યાર પછી ડીરેકટરઓની તમામ ૧૬ બેઠક ભાજપ પ્રેરીત ખેડુત પેનલ બીનહરીફ થઈ હતી અને આ સભાપતી તરીકે વિનોદકુમાર સમજુભાઈ હપાણી અને ઉપ-સભાપતી તરીકે હરેશભાઈ ગોવિંદભાઈ રીબડીયાની પણ બીનહરીફ વરણી કરવામાં આવી હતી. ચુંટાયેલા સભાપતી અને ઉપસભાપતીને યાર્ડના તમામ ડીરેકટરઓએ, તાલુકાના આગેવાનોએ, ખેડુત અગ્રણીઓએ અને યાર્ડના વેપારી મંડળે ખુબ-ખુબ અભિનંદન પાઠવેલ છે.

# જૂનાગઢ રેલવે સ્ટેશને રામ ભક્તોનું ભવ્ય સન્માન કરાયું




જૂનાગઢ. તા.૨૩

તાજેતરમાં ૧૭ ફેબ્રુઆરીના રોજ વેરાવળથી અયોધ્યા ખાસ ટ્રેનનું પ્રસ્થાન કરવામાં આવેલ આસ્થા સ્પેશિયલ વેરાવળ સાલારપુર (અયોધ્યા) ટ્રેનમાં વેરાવળથી ૮૧૨ અને જૂનાગઢથી ૫૩૨ યાત્રિકો રવાના થયા હતા. એક કાર્યક્રમ યોજી ભક્તોને ભાવભીની વિદાય અપાઈ હતી. જૂનાગઢથી ટ્રેન દ્વારા અયોધ્યા ખાતે રામલલ્લાના દર્શન કરવા માટે સામાન્ય શુલ્ક ૧૯૦૦ રૂા.માં ચા - પાણી - નાસ્તા અને ભોજન સહિતની તમામ સુવિધાઓ ટ્રેનમાં આપવામાં આવી હતી. અયોધ્યા નગરનિગમની ઈલેક્ટ્રિક બસો દ્વારા તમામ યાત્રિકોને નિઃશુલ્ક ઉતારાની વ્યવસ્થા ટેન્ટ સિટી ખાતે કરવામાં આવી હતી. જ્યાં હજારો રામ ભક્તો માટે બગદાણા વાળા બાપા સીતારામ મંડળ દ્વારા ચા - પાણી નાસ્તા અને બે ટાઈમ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

વહેલી સવારે ભક્તો સર્યુ નદીમાં સ્નાન કરી હનુમાન ગઢીમાં રામ ભક્તોએ હનુમાનજીના દર્શન કર્યા હતા. શ્રી રામ મંદિરમાં રામ લલ્લાના દિવ્ય અને અલૌકિક સ્વરૂપનું દર્શન કરી ભક્તો ભાવવિભોર થયા હતા. જય શ્રી રામ, જય સીયારામના નારાઓથી મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. ભક્તો અયોધ્યામાં કનકભવન, દશરથ રાજાના મહેલ વગેરે ધાર્મિક સ્થળોએ શ્રધ્ધાભક્તિથી દર્શન કરી ૨૧ ફેબ્રુઆરીના રોજ સવારે જૂનાગઢ રેલવે સ્ટેશને આવી પહોંચતા શ્રી સુરાપુરા ગ્રુપના મનીષ પ્રજાપતિ, અલ્પા વસવેલીયા, નિરવ પ્રજાપતિ, સ્વાતિ વસવેલીયા, જયદેવભાઈ અને ક્રિશિવભાઈએ ભક્તોને હારતોરા કરી ભવ્ય સન્માન કર્યું હતું.

# ખંભાળિયાના ધરમપુર વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો : એક મહિલા સહિત ત્રણ ઝડપાયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૩

ખંભાળિયામાં આજથી આશરે ચારેક દિવસ પૂર્વે અહીંના ધરમપુર વાડી વિસ્તારમાં ચોરીનો બનાવ પ્રકાશમાં આવ્યો હતો. આ પ્રકરણમાં એલસીબી પોલીસે તાકીદની કાર્યવાહી કરી, જામનગર જિલ્લામાં રહેતા એક મહિલા સહિત ત્રણ શખ્સોને દબોચી લઈ, મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સમગ્ર પ્રકરણની પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ખંભાળિયા નજીક આવેલા ધરમપુર વાડી વિસ્તારમાં રહેતા એક આસામી તથા તેમની નજીક રહેતા અન્ય એક વ્યક્તિના ઘરમાં સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ સહિત કુલ રૂ. ૧.૫૫ લાખના મુદ્દામાલની ચોરી થયાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો હતો. આ અંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા આપવામાં આવેલી સૂચના અંતર્ગત સ્થાનિક ગુના શોધક શાખાના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ એલસીબીની ટીમના પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, એસ.એસ. ચૌહાણ તથા આકાશ બારસિયા દ્વારા જુદા જુદા સ્થળોએ સીસીટીવી કેમેરા તથા નેત્રમ પ્રોજેક્ટ ઉપરાંત હ્યુમન સોર્સિસની મદદથી તમામ દિશાઓમાં તપાસ આરંભી હતી. જે હેઠળ કેટલાક શકમંદો સામે પણ તપાસની કાર્યવાહી કરાઈ હતી.

આ પ્રકરણમાં એલસીબીના એ.એસ.આઈ. સજુભા જાડેજા, હેડ કોન્સ્ટેબલ જેસલસિંહ જાડેજા તથા સહદેવસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે એક સ્થળેથી હીરો સ્પ્લેન્ડર નંબર જી.જે. ૧૦ડી.એસ. ૩૨૯૬ માં બેસીને એક સ્ત્રી તેમજ બે પુરુષો અહીંની સોની બજારમાં નીકળ્યા હોવાનું જણાવતા અને તેઓની હિલચાલ શકમંદ હોવાથી પોલીસે ઉપરોક્ત બંને પુરુષ તથા મહિલાને અટકાવી અને અંગઝડતી કરવામાં આવી હતી. જેમાં તેઓ પાસેથી દાગીના સહિતનો કેટલોક મુદ્દામાલ મળી આવ્યો હતો.

જેને એલસીબી પોલીસે સ્થાનિક કચેરી ખાતે આ ત્રણેયને લઈ જઈ અને આગવી ઢબે પૂછપરછ કરતા પોપટ બની ગયેલા આરોપીઓએ અહીંના ધરમપુરથી લાલપુર તરફ જવાના રસ્તે ચારેક દિવસ પૂર્વે બે આસામીઓના ઘરમાં ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. ઝડપાયેલા આરોપીઓમાં જામનગર દિગ્જામ સર્કલ પાસે રહેતા અને રમકડાં વેચવાનો ધંધો કરતા દેવીપુજક મુકેશ અમુ સાડમીયા (ઉ.વ. ૨૦), ગુલાબનગર વિસ્તારમાં રહેતા પ્રેમજી રાયધન વાઘેલા (ઉ.વ. ૨૫) અને જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે લતીપર રોડ પર રહેતા લખીબેન ઉર્ફે લાખુબેન મુકેશભાઈ જખાનીયા (ઉ.વ. ૩૫) હોવાનું જાહેર થયું છે.




ઝડપાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂા. ૬૮,૦૦૦ રોકડા, સોના ચાંદીના દાગીના તેમજ ચોરી માટે ઉપયોગમાં લીધેલું રૂપિયા ૪૦,૦૦૦ ની કિંમતનું મોટરસાયકલ અને રૂા. ૫,૦૦૦ ની કિંમતનો એક મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૧,૫૫,૧૫૦ નો મુદ્દામાલ કબજે કરી, આરોપીઓની વધુ તપાસ અર્થે તેઓનો કબજો ખંભાળિયા પોલીસને સોંપવામાં આવ્યો છે.

આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના વડપણ હેઠળ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, એ.એલ. બારસિયા, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, એ.એસ.આઈ. અરજણભાઈ ચંદ્રવાડીયા, અજીતભાઈ બારોટ, સજુભા જાડેજા, વિપુલભાઈ ડાંગર, ભરતભાઈ ચાવડા, જેસલસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, લાખાભાઈ પિંડારિયા, ગોવિંદભાઈ કરમુર, સચિનભાઈ, ક્રીપાલસિંહ, અરજણભાઈ, પુરીબેન સરઠીયા, નરસિંહભાઈ, હસમુખભાઈ, વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# મારવાડી યુનિવર્સિટી ખાતે વાર્ષીક ખેલ મહોત્સવ યોજાયો





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૩

મારવાડી યુનિવર્સિટી ખાતે વાર્ષિક ખેલ મહોત્સવ (**MU SPORTS FEST** ૨૦૨૪) શુભારંભ ગઈ કાલ તા.૨૨ ના સવારે ૯:૩૦ કલાકે કરવામાં આવેલ હતો. આ મહોત્સવમાં વિદ્યાર્થીના શારિરીક અને માનસિક વિકાસની કસોટી થાય અને એક તંદુરસ્ત માનસિકતા સભર કાર્યાન્વીત થાય તે માટેનો સફળ પ્રયાસ કરેલ છે. આ શુભારંભમાં અતિથી ડો. ગુરદીપ શીંગ (પ્રેસીડન્ટ, પ્રીમીયર એકેડેમી ઓફ સ્પોર્ટસ સાયન્સ અને ફીઝીકલ એડયુકેશન, નવી (દિલ્હી) તેમજ પ્રો. ડો. રાજેન્દ્રસિંહ જાડેજા- પ્રો વાઈસ ચાન્સેલર, મારવાડી યુનિવર્સિટી, નરેશ જાડેજા- ૨૨ જીસ્ટ્રાર, મારવાડી યુનિવર્સિટી, ડો. જાન્હવી ઈચ્છાપારીયા- સ્પોર્ટસ ડિરેકટર, મારવાડી યુનિવર્સિટી, વિધી મારવાડી- પ્રોજેકટ મેનેજર, મારવાડી યુનિવર્સિટી, ડો. આર.એલ.ઝાલા- કન્ટ્રોલર ઓફ એકઝામીનેશન, ડો. લાલજી બલદાણીયા- પ્રિન્સીપાલ, ફેકલ્ટી ઓફ ફાર્મસી, ડો. આશીષ કક્કડ- પ્રિન્સીપાલ, ફેકલ્ટી એક ફિઝીયોથેરાપી તથા સર્વે ડિન, ડાયરેકટર્સ, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ઉપસ્થિત રહ્યા હતા. મારવાડી યુનિવર્સિટીનો વાર્ષીક ખેલ મહોત્સવ ૨૨ અને આજ તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ એમ બે દોવસ ઉજવવામાં આવી રહેલ છે. આ મહોત્સવમાં અંદાજે ચાર હજારથી વધારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અલગ અલગ ડીપાર્ટમેન્ટમાંથી ઈનડોર અને આઉટ ડોર રમત જેવી ફુટબોલ, બેડમિટન, બાસ્કેટબોલ, ટેબલટેનીસ, ખોખો, ચેસ, ક્રિકેટ, વોલીબોલ વગેરેમાં ઉમંગથી ભાગ લેશે. વિજેતા ખેલાડીઓને સન્માનિત કરી અતિથિ દ્વારા પુરસ્કાર અપાશે.

# વિસાવદરમાં 'ટીમ મોદી સ્પીચ સપોર્ટર સંઘ કાર્યાલય'નું થયેલ ઉદઘાટન



(વિનુ પુરોહિત દ્વારા) વિસાવદર, તા.૨૩

વિસાવદરમાં 'ટીમ મોદી સપોર્ટ સંઘ કાર્યાલય' ના ઉદઘાટન પ્રસંગે વિસાવદર ગણપતિ ઉત્સવ સમિતિના સુરેશભાઈ સાદરાણી તથા પત્રકાર સી.વી. જોશીએ હાજરી આપી હતી.

# ભાણવડના આંબરડી ખાતે ૧૦૫ લાખના ખર્ચે બનનારા ચાર પેટા આરોગ્ય કેન્દ્રનું ભૂમિ પૂજન

(પ્રતિનિધિ દ્વારા)





જામ ખંભાળિયા, તા. ૨૩

ભાણવડ તાલુકાના આંબરડી ગામે વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ પેટા આરોગ્ય કેન્દ્રનું ભૂમિ પૂજન કર્યું હતું. આ ઉપરાંત પેટા આરોગ્ય કેન્દ્ર ઢેબર-૨, પેટા આરોગ્ય કેન્દ્ર - કાટકોલા તથા સણખલાનું પણ પ્રતિક રૂપે ભૂમિપૂજન કર્યું હતું. અંદાજે રૂપિયા ૧૦૪.૬૯ લાખના ખર્ચે બનનારા સણખલા, કાટકોલા, આંબરડી તથા ઢેબર-૨ ચારેય પેટા આરોગ્ય કેન્દ્રનું આંબરડી ખાતે બિલ્ડીંગના નિર્માણ બાદ દર્દીઓને આરોગ્ય લક્ષી સેવાઓ મળી રહેશે. આ અંગે પ્રવાસન અને વન મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, રાજ્યના નાગરિકોની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ સતત પ્રવૃત્ત છે. છેવાડાના ગામડાઓમાં નાગરિકોને શિક્ષણ, રસ્તા, આરોગ્ય, પાણી જેવી પાયાની સુવિધાઓ સરળતાથી મળી રહે તે માટે વર્તમાન સરકાર કટિબદ્ધ છે. દેશમાં તમામ ક્ષેત્રે પ્રગતિ થઈ રહી છે તેમ મંત્રીએ જણાવી આરોગ્યના કર્મચારીઓ તથા ગ્રામજનોને શુભેચ્છા પાઠવી, ગ્રામજનોના પ્રશ્નો પણ સાંભળ્યા હતા. જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેશ ભંડેરીએ ચારેય પેટા આરોગ્ય કેન્દ્રની રૂપરેખા આપી હતી. અગ્રણી હમીરભાઈ કનારાએ જણાવ્યું હતું કે, ચારેય ગામમાં નવા પેટા આરોગ્ય કેન્દ્ર બનશે જેથી આરોગ્યની સુખાકારી જળવાઈ રહેશે. અને દર્દીઓને સ્થાનિક કક્ષાએ ઉત્તમ સારવાર અને સુવિધા મળશે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

### વિપક્ષી ગઠબંધન મોદી સાથે મુકાબલો કેવી રીતે કરી શકે એ તો આવનાર સમય જ નક્કી કરશે

લોકસભા ચૂંટણીને લઈને ભાજપ સામે વિપક્ષી દળોના ગઠબંધનની સમસ્યા તો જાણે ખતમ જ નથી થઈ રહી. હાલમાં જ વિપક્ષી ગઠબંધનના સંયોજકની રેસમાં સોલ નીતિશકુમાર પાટલી બદલી ચૂક્યા છે. ચૂંટણીમાં સહયોગી પક્ષો સાથે સીટોની વહેંચણીમાં સહમતિ તો બહુ દૂરની વાત દેખાઈ રહી છે. દેશમાં લોકસભા ચૂંટણીમાં હવે વધુ સમય નથી રહ્યો. કેન્દ્ર સરકાર દ્વારા વચગાળાનું બજેટ પણ આવી ગયું છે. ગમે ત્યારે ચૂંટણીની તારીખો જાહેર થઈ શકે છે. આ તરફ સત્તાની હેટ્રિક કરવાની તૈયારીમાં લાગેલ ભાજપ નીત એનડીએ ગઠબંધન સામે મુકાબલો કેટલો છે? વિપક્ષી દળો તરફથી મોદીને કેટલી મજબૂત ટક્કર મળશે? ચૂંટણી પહેલાં વિપક્ષી ગઠબંધનમાં મચેલ ઉથલપાથલ બાદ આ સવાલ મહત્ત્વનો છે. વિપક્ષ અત્યારે પૂરેપૂરો વિખેરાયેલો દેખાય છે. ૨૮ પક્ષોવાળા વિપક્ષી ગઠબંધનમાં ચૂંટણી પહેલાં સાથીઓના છટકવાનો સિલસિલો ચાલુ થઈ ગયો છે. ગયા વર્ષે ડિસેમ્બરથી જ કોંગ્રેસ અને અન્ય સહયોગી દળોમાં સીટોની વહેંચણી પર સહમતિને લઈને વાતચીત ચાલી રહી છે. લગભગ ૫૦ દિવસ વીત્યા બાદ પણ હજુ કશું ઠોસ જનતા સામે નથી આવ્યું. વિપક્ષી ગઠબંધનના સંયોજકની રેસમાં સામેલ રહેલા મુખ્ય ચહેરા અને બિહારના સીએમ નીતિશ કુમાર ફરી પાછા એનડીએમાં સામેલ થઈ ગયા છે. એનાથી એનડીએને કેટલી મજબૂતી મળશે એ સવાલ કરતાં વધુ મહત્ત્વનું છે કે વિપક્ષી ગઠબંધનને કેટલું નુક્સાન થશે. કોંગ્રેસ ભલે તેની અસરને કમતર આંકી રહી હોય પરંતુ રાજકીય વિશ્લેષકો તેને મોદી વિરુદ્ધ લડાઈમાં ભારે ઝાટકો માની રહ્યા છે. વિપક્ષી ગઠબંધનમાં કોંગ્રેસ સૌથી મોટો પક્ષ છે. એવામાં ગઠબંધનના હિસ્સેદાર ૨૮ પક્ષો વચ્ચે તેની જવાબદારી ઘણી મહત્ત્વની છે. કોંગ્રેસ સામે દિલ્હી, પંજાબ, કેરળ અને પશ્ચિમ બંગાળમાં દુવિધાની સ્થિતિ છે. દિલ્હી અને પંજાબમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના પ્રાદેશિક એકમો ગઠબંધન પર માનસિક રૂપે તૈયાર નથી થઈ રહ્યા. પંજાબમાં આમ આદમી પાર્ટી દ્વારા બધી સીટો પર ચૂંટણી લડવા સુદ્ઘાંની વાત કરી દેવાઈ છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જી પણ એકલા લડોની વાત કહી ચૂક્યાં છે. હજુ આ બે પક્ષો તરફથી અસહમતિના સૂર નીકળી જ રહ્યા હતા કે વિપક્ષી ગઠબંધન માટે મહારાષ્ટ્રથી પણ સારા સમાચાર નથી આવી રહ્યા. મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીમાં સામેલ પ્રકાશ આંબેડકરે સ્પષ્ટ કહી દીધું છે કે વિપક્ષી ગઠબંધન લગભગ ખતમ થઈ ગયું છે. પ્રકાશનું કહેવું છે કે રાજ્યમાં સીટોની વહેંચણી પર શિવસેના અને એનસીપી સાથે વાતચીત થઈ રહી છે. કોંગ્રેસ સાથે કોઈ વાતચીત જ નથી. ભાજપની સ્થિતિ આ સમયે સમુદ્રમાં એક મોટા જહાજ જેવી છે. મોદી સરકાર કિસાન સન્માન નિધિ, મફત અનાજ યોજના, પીએમ આવાસ યોજના, મુદ્રા લોન જેવી પોતાની કલ્યાણકારી યોજનાઓ સાથે મજબૂતીથી ઊભી છે. જ્યારે બિહાર જેવા મોટા રાજ્યમાં વિપક્ષી ગઠબંધન પૂરેપૂરું વિખેરાયેલું જોવા મળી રહ્યું છે. નીતિશ કુમાર ખુદ આ વાતને કહી ચૂક્યા છે કે વિપક્ષી ગઠબંધન બહુ સ્લો ચાલી રહ્યું છે. કોંગ્રેસ ભલે કહી રહી હોય કે વિપક્ષી ગઠબંધનનો મકસદ મોદીને સત્તામાંથી હટાવવાનો છે, પરંતુ જમીની સ્તર તો આ મુંગેરીલાલનું સપનું જ લાગી રહ્યું છે. વિપક્ષ મોંઘવારી અને બેરોજગારી મુદ્દા પર પણ સરકારને અત્યાર સુધી ઘેરવામાં સંપૂર્ણ નિષ્ફળ રહ્યો છે. વિપક્ષી ગઠબંધન તરફથી અત્યાર સુધી સંયુક્ત રેલી કે પ્રચાર અભિયાનને લઈને પણ સ્થિતિ સ્પષ્ટ નથી થઈ. રાજકીય વિશ્લેષકો અનુસાર જ્યાં સુધી લોકસભા ચૂંટણીમાં લોકો વચ્ચે મુખ્ય મુદ્દા અને પરસેપ્શનની લડાઈ છે, તેમાં કોંગ્રેસનીત ગઠબંધન સંપૂર્ણ રીતે પાછળ દેખાઈ રહ્યું છે. એવામાં વિપક્ષી ગઠબંધન મોદી સાથે મુકાબલો કેવી રીતે કરી શકે એ તો આવનાર સમય જ નક્કી કરશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

માનવ શરીરને વિષયસુખોમાં વેડફી નાખશો નહીં.

- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.મેહેર-૧૩૯૩, મુ. શાબાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, મહા સુદ-૧૪, તા.૨૩ ફેબ્રુઆરી ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૧૨, આશ્લેષા નક્ષત્ર, શોભન યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૨૦, સૂ.અ.૬:૫૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), સાંજે ૭:૨૬ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આર્થિક સમસ્યા હળવી બને. અગત્યના કાર્યમાં સફળતા મળે.
વૃષભ:મનમાં અશાંતિ રહે. મનની મુરાદ બર ન આવે.
મિથુન:નવિન આયોજનો સફળતાથી પાર પાડી શકશો.
કર્ક: કાર્યોમાં વિલંબથી સફળતા મળે. પરિવારજનોમાં વાદ થાય.
સિંહ: ખર્ચ પર કાબુ રાખવો. ચિંતાનો ઉકેલ મળે.
કન્યા: મનમાં વ્યગ્રતા રહે. જીવનસાથીના આરોગ્ય અંગે સંભાળવું.
તુલા: અણધારી આફત આવી પડે. મનમાં ચંચળતા રહે.
વૃશ્ચિક:અણધાર્યો ધન લાભ થાય. ભાગીદારીથી ચેતતા રહેવું.
ધન: કાર્યબોજ વિશેષ રહે. નાણાંભીડ અનુભવાય.
મકર: સફળતા માટે મહેનત કરવી પડે. નવિન ખરીદી થાય.
કુંભ: મિલ્કત-વાહનોને લગતા પ્રશ્નો હલ થાય. વ્યર્થ ક્રોધ ટાળવો.
મીન: પરિશ્રમનું શ્રેષ્ઠ ફળ મળે. અધિકારીથી લાભ થાય.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધો. ૧૦ની બોર્ડની પરીક્ષાઓમાં કુલ ૮૫૦૭ વિદ્યાર્થીઓ અને ધો. ૧૨માં વિજ્ઞાન પ્રવાહના પાંચ કેન્દ્રોમાં ૪૪૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ગુજરાત રાજ્યમાં આગામી તારીખ ૧૧ માર્ચથી ધોરણ ૧૦ તથા ૧૨ ની બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આ અંગે ખાસ એક્શન પ્લાન જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ વિજ્ઞાન તથા સામાન્ય પ્રવાહના કેન્દ્રો, ઝોન તથા સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવી છે. તા. ૧૧ મી માર્ચથી શરૂ થનારી ધોરણ ૧૦ અને ૧૨ માં બોર્ડની પરીક્ષાઓ આ વખતે વિદ્યાર્થીઓની હાઈએસ્ટ સંખ્યા નોંધાઈ છે. આ વર્ષે બંને ધોરણ મળીને બોર્ડમાં કુલ ૧૫,૩૮,૯૫૩ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે. ધોરણ ૧૦ માં રેગ્યુલર, રીપીટર સાથે ૫૧૭,૯૬૬ વિદ્યાર્થીઓ તથા ૩૯૯,૭૩૧ વિદ્યાર્થીનીઓ સાથે ૯૧૭,૮૬૭ પરીક્ષા આપશે. જ્યારે ધોરણ ૧૨ ના સામાન્ય પ્રવાહમાં ૪૮૯,૨૪૯ છાત્રો છે. ધોરણ ૧૨ માં વિજ્ઞાન પ્રવાહમાં ૧૧૧,૫૪૯ રેગ્યુલર અને ૨૦,૪૩૮ રીપીટર સાથે કુલ ૧૩૧,૯૮૭ વિદ્યાર્થીઓ રહેશે. આ વચ્ચે હાલર પંથકની સ્થિતિ જોઈએ તો દ્વારકા જિલ્લામાં ૬૭૦૭ નિયમિત છાત્રો સહિત કુલ ૮૫૦૭ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ ની પરીક્ષા આપશે. દ્વારકા જિલ્લાના ખંભાળિયા ઝોનમાં ધોરણ ૧૦ ના પરીક્ષા સ્થળોમાં ખંભાળિયા, ભાણવડ, દ્વારકા, જામ રાવલ, કલ્યાણપુર, નંદાણા, મીઠાપુર અને ભાટિયા એમ આઠ સ્થળોએ બોર્ડની પરીક્ષાઓ લેવામાં આવશે. જામનગર જિલ્લાના જામજોધપુર, લાલપુર, કાલાવડ, ધ્રોલ જોડિયા તથા જામનગર મળીને કુલ ૧૩,૪૩૭ નિયમિત છાત્રો સાથે ૧૬,૮૮૫ છાત્રો ધોરણ ૧૦ ની બોર્ડની પરીક્ષાઓ આપશે. ધોરણ ૧૨ માં વિજ્ઞાન પ્રવાહમાં દ્વારકા જિલ્લામાં માત્ર ૩૪૮ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. જે માટે મીઠાપુર અને ખંભાળિયા પરીક્ષા કેન્દ્રો રહેશે. જ્યારે જામનગર જિલ્લામાં દ્વારકા જિલ્લાથી પાંચ ગણા ૧,૮૭૦ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહ માટે નોંધાયેલા છે. આવી જ રીતે હાલારમાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં જોઈએ તો જામનગર જિલ્લામાં જામનગર, ધ્રોલ, જોડિયા, કાલાવડ, જામજોધપુર અને લાલપુર વિસ્તારમાં ૯,૪૫૬ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે દ્વારકા જિલ્લામાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૪૪૨૦ વિદ્યાર્થીઓ રહેશે. દ્વારકા જિલ્લામાં ધોરણ ૧૨ માં સામાન્ય પ્રવાહ માટે ભાણવડ, દ્વારકા, મીઠાપુર, ખંભાળિયા તથા ભાટિયા એમ પાંચ કેન્દ્રો નિમાયા છે. સમગ્ર રાજ્યના દરેક જિલ્લામાં પરીક્ષા સમિતિ જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં બનાવવામાં આવી છે. સાથે વિવિધ સંઘના હોદ્દેદારો, કેળવણીકારો, બોર્ડના, સભ્યો સાથેની આ કમિટીની બેઠકોનો દૌર પણ આગામી દિવસોમાં શરૂ થશે. આ સાથે જિલ્લા કલેકટર દ્વારા વર્ગ-૨ ના અધિકારીઓ સાથેની રેવન્યુ સ્કવોડ તથા બોર્ડ દ્વારા ખાસ ચેકિંગ સ્કવોડનું પણ આયોજન થયું છે. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શિક્ષા કોષ્ટક જાહેર કરીને પરીક્ષાઓમાં ગેરરીતિ સામે કડક પગલાંઓની જોગવાઈઓ પણ કરવામાં આવી છે. જેમાં ૧૦ કે વધુ ગેરરીતી - કોપી કેસ કોઈ એક વર્ગખંડ કે બ્લોકમાં જોવા મળે તો ખંડ નિરીક્ષક સામે ઈક્રીમેન્ટ અટકાવવા સહિતની કામગીરી તેમજ પરીક્ષાર્થી દ્વારા જવાબવહીમાં ચલણી નોટો બીડીને લાંચ આપવાનો પ્રયાસ કરવામાં આવે તો આખી પરીક્ષા રદ કરવા સાથે આગામી એક વર્ષ પરીક્ષાના આપવા ન દેવી, ચોરી કરતા પકડાય તે વિદ્યાર્થી સામે કડક પગલાં સાથે આવા પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલા સ્ટાફ સામે જરૂર પડ્યે ફરજ મોકૂફી અને પોલીસ ફરિયાદ સહિતની જોગવાઈ સાથેનું શિક્ષા કોષ્ટક પણ જાહેર થયું છે.

# પોરબંદરમાં અમર નર્મદેશ્વર મહાદેવની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન



## તારીખ ૬ થી ૮ સુધી ત્રિદિવસિય ધર્મોત્સવ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

પોરબંદરમાં પેરેડાઈઝ ફુવારા નજીક આવેલા શ્રી અમર નર્મદેશ્વર મહાદેવની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અહીં અમર નર્મદેશ્વર મહાદેવ ગ્રૂપ દ્વારા ત્રિદિવસીય આ મહોત્સવમાં વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં હિન્દૂ-મુસ્લિમ એકતાના દર્શન થયા છે. હિન્દૂ અને મુસ્લિમ યુવાનો દ્વારા સાથે મળી અમર નર્મદેશ્વર મહાદેવ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આગામી તારીખ ૬ માર્ચથી ૮ માર્ચ સુધી યોજાશે. આ પ્રસંગે તા. ૬ માર્ચના રોજ પ્રથમ દિવસે સવારે શોભાયાત્રા, નગરયાત્રા, હેમાદ્રી પ્રયોગ, દશવિધિસ્નાન, ગણપતિ પૂજન, પુણ્યાતાયન, માતૃકા પૂજન, નંદિયાષ, બ્રાહ્મણ પૂજન અને બપોર બાદ કુંડ પૂજન, અગ્નિસ્થાપન અને ધાન્યાધિવાસના કાર્યક્રમ યોજાયા છે. આ પછી તા. ૭ માર્ચ દ્વિતિય દિવસે સવારે ગણપતિ પૂજન, પ્રધાનદેવ પૂજન, હોમપ્રધાન, ગૃહશાંતિ, શાંતિક પોષ્ટિક હોમ, કુટીર હોમ પછી બપોર બાદ જલાધિવાસ, ધૃતાધિવાસ, ઔષધિવાસ, નેત્રમિલન, શયન વિધિ, આરતી અને અંતમાં સમૂહ મહાપ્રસાદીનું આયોજન સાંજે ૫ થી ૧૦ વાગ્યા સુધી કરવામાં આવ્યું છે. તા. ૮ માર્ચના તૃતીય દિવસે પ્રાતઃ પૂજન, સ્થાપિત દેવાતાઓનું પૂજન, વાસ્તુ પૂજન, પ્રતિષ્ઠા હોમ, દ્વાર પૂજન, શીખર પૂજન, ધ્વજારોહણ, ઘંટાપૂજન, મૂર્તિ પ્રતિષ્ઠા પૂજન, પૂર્ણાહુતિ હોમ, મહા આરતી, યજ્ઞ સંપન્ન થશે. આ દિવસે બપોર બાદ જલાધિવાસ, ધૃતાધિવાસ, ઔષધિવાસ, નેત્રમિલન, શયન વિધિ, આરતી.જેવા કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ પ્રસંગે તા. ૭ ના રોજ સવારથી સાંજ સુધી રકતદાન કેમ્પનું પણ આયોજન પણ કરાયું છે. જેમાં ગાંધીભુમી, સુદામાપુરીની તમામ સેવાભાવી નગરજનોને રક્તદાન કરવા અપીલ કરવામાં આવી છે. આ સાથે તા. ૭ ના રોજ રાત્રે ભવ્ય લોક ડાયરાનું પણ આયોજન કરાયું છે. જેમાં ખ્યાતનામ સાહિત્યકાર દેવાયત ખવડ, સુપ્રસિદ્ધ ભજનિક દેવરાજ ગઢવી (નાનો ડેરો-કચ્છ) ભજન અને સાહિત્યની રમઝટ બોલાવશે. આ ધર્મમય મહોત્સવમાં સહભાગી થવા પોરબંદર તથા આસપાસની ધર્મપ્રિય જનતાને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ફર્ટિલાઈઝર નો વપરાશ વધવાથી સરકારને રાસાયણીક ખાતર ઉપર આપવામાં આવતી સબસીડીનું ભારણ ઘટશે : મનસુખ માંડવીયા



(રેનિશ મહેતા દ્વારા)

ભેંસાણ તા.૨૩

ભાજપના રાષ્ટ્રીય અધિવેશનમા ભાગ લેવા ગયેલ જુનાગઢ જિલ્લાના આગેવાનોએ કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા ની મુલાકાત લીધી હતી અને જીલ્લા ના વિવિધ પ્રશ્નને રજુઆત કરી હતી.

જુનાગઢ જિલ્લા ભાજપના આગેવાન વેલજીભાઈ મસાણી ,ભરતભાઈ વડારીયા, ગાંડુભાઈ કથીરિયા એ ભાજપના રાષ્ટ્રીય અધિવેશન માં ભાગ લેવા માટે દિલ્હી ગયેલા હતા ત્યારે તેઓની રૂબરૂ મુલાકાત લીધી હતી.

આ તકે કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવીયા એ કોરોનાની વેક્સિન છેવાડાના માણસ સુધી કેવી રીતે પહોંચાડી તેની ખૂબ જ ઊંડાણ પૂર્વક માહિતી આપી હતી. અને આવનારા દિવસોમાં નેનો ફર્ટિલાઈઝરનો વપરાશ વધવાથી કેન્દ્ર સરકારને રાસાયણિક ખાતર ઉપર આપવામાં આવતી સબસીડી નું ભારણ ઘટશે જેથી આ રકમનો ખેડૂતોને સીધો લાભ કેવી રીતે આપી શકાય તેની પણ માહિતી આપી હતી .આ યોજનામાંથી ૧૧ હજાર કરોડ વર્ષ દરમિયાન ખેડૂતોને વિવિધ યોજના થકી લાભ થવાનો છે તેનો રોડમેપ વિકસિત ભારત અંતર્ગત તૈયાર થઈ ચૂક્યો છે તેવી વાત કરી હતી.

# ધામળેજના યાત્રિકો આસ્થા ટ્રેન મારફતે અયોધ્યા દર્શન કરી ધન્યતા અનુભવી





(પ્રતિનિધી દ્વારા)


પ્રાચી તીર્થ તા.૨૩

ધામળેજ ગામ,બંદર વિસ્તાર ના કુલ ૨૯ યાત્રિકો સ્પેશિયલ આસ્થા ટ્રેન મારફતે શ્રી રામ લલાના દર્શન માટે અયોધ્યા ગયેલા હતા જેમાં ગીર સોમનાથમાંથી ૮૧૨ યાત્રીઓ ગયેલા તેમજ જૂનાગઢથી ૫૩૨ એમ કુલ ૧૩૪૪ યાત્રિકો સાથે આસ્થા ટ્રેન ઉપડેલ જેમાં ધામળેજ ગામ બંદર ના યાત્રિકો પણ અયોધ્યા શ્રી રામ લાલાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તેમજ આ વિસ્તાર લોકલાડીલા સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા, યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરેલો હતો..

(તસ્વીર : જાદવ ચુડાસમા)

### દ્વારકામાં વિકાસના વેગમાં વધુ એક છોગું ઉમેરાયું

# દ્વારકાના ઈસ્કોન ગેઈટથી નાગેશ્વર જતા માર્ગનું રૂા.ચાર કરોડના ખર્ચે થશે નવીનીકરણ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

યાત્રાધામ દ્વારકાને વિકાસ અને સુવિધાઓની વણઝાર નવા વર્ષ ૨૦૨૪માં શરૂ થઈ છે. ત્યારે આ વિકાસ યાત્રામાં વધુ એક છોગું ઉમેરાયું છે. દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેકે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને કરેલી રજૂઆત બાદ મુખ્યમંત્રી સડક યોજના અંતર્ગત રૂપિયા ચાર કરોડ સતર લાખના ખર્ચે મહત્વના માર્ગને સીસી રોડ બનાવવા માટેની મંજૂરી મળી છે. દ્વારકાની મધ્યમાં આવેલા અને હાર્દ સમાન ઈસ્કોન ગેઈટ ચોકડીથી રણમુક્તેશ્વર મંદિર સુધીના માર્ગનું નવીનીકરણ કરવામાં આવનાર છે. આ માર્ગ નાગેશ્વર જ્યોતિર્લિંગ જવાનો મુખ્ય માર્ગ છે. ઉપરાંત શહેરના બિરલા ઉપનગર તથા અંબુજાનગર અને જિલ્લા પંચાયતની બેઠક વરવાળા અને મીઠાપુરના ગામડાઓ પણ આ માર્ગને લાગુ પડે છે. આ રસ્તાનું નિર્માણ થયેથી દરરોજ અનેક વાહન ચાલકોને રાહત રહેશે.

# નામચીન બુટલેગર વોન્ટેન્ડ ધીરેન કારીયાને ઉજ્જૈનમાંથી ઝડપી લેતી અમરેલી એલસીબી પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

અમરેલી તા.૨૩

ગુજરાત રાજયના નામચીન બુટલેગર પૈકીના ધીરેન કારીયા ઘણા વખતથી ફરાર હોય અને તેને ઝડપી લેવા પોલીસ કાર્યરત હતી આ દરમ્યાન ૧૧ જીલ્લાના વોન્ટેન્ડ આરોપી તેમજ ૫૯ ગુનામાં સંડોવાયેલા જૂનાગઢના બુટલેગર ધીરેન કારીયાને તેના ડ્રાઈવર સાથે મધ્યપ્રદેશના ઉજ્જૈનમાંથી અમરેલી એલસીબી પોલીસે ઝડપી લીધેલ છે. આ શખ્સને ટ્રાન્સફર વોરંટથી જૂનાગઢ લાવી અને વધુ કાર્યવાહી કરવામાં આવશે.

# સાંસદ રાજેશ ચુડાસમાનું સન્માન કરાયું

(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૩



જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીના તાલુકાના ચોરવાડ ખાતે ભગવાનશ્રી વિશ્વકર્મા જયંતી નિમિત્તે લુહાર-સુથાર સમાજ દ્વારા સાંસદ રાજેશભાઈ ચુડાસમા નું સન્માન કરવામાં આવ્યું હતું આ તકે રાજેશભાઈ ચુડાસમા એ લુહાર-સુથાર સમાજનો આભાર માન્યો હતો.

(તસ્વીર : જાદવ ચુડાસમા)

# ભેંસાણના છોડવડી ગામે સગીર વયનો બાળક ગુમ થયા અંગે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

ભેંસાણ તાલુકાના છોડવડી ગામે રહેતા જગાભાઈ દાનાભાઈ સોલંકી (ઉ.વ.૩૯)એ પોલીસમાં અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદીનો દીકરો સંજયભાઈ(ઉ.વ.૧૬ વર્ષ ૭ માસ) વાળો તેના મોબાઈલમાં સતત મોડી રાત્રી સુધી ગેમ રમતો હોય જેથી તેની માતા ભાવનાબેન તેને ઠપકો આપી અને તેનો મોબાઈલ લઈ લેતા બીજા દિવસે સવારે પોતાની રીતે જતો રહી ગુમ થયેલ હોય અથવા કોઈ અજાણ્યો ઈસમ તેનું અપહરણ કરી લઈજઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા ભેંસાણ પોલીસે તપાસ હાથ ધરી છે.

# શ્રી પ્રેમાનંદ સ્કૂલના વાર્ષિકોત્સવની થયેલ ઉજવણી





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

તાજેતરમાં જૂનાગઢની સુપ્રસિદ્ધ શ્રી પ્રેમાનંદ સ્કૂલનો બાલમંદિરથી ધોરણ-૩ના વિદ્યાર્થીઓનો વાર્ષિકોત્સવ ઉજવાઈ ગયો હતો. આ વાર્ષિકોત્સવનું નામ અભિવ્યક્તિ ૨૦૨૪ રાખવામાં આવ્યું હતું. ગુજરાતી માધ્યમ તથા અંગ્રેજી માધ્યમના ૪૫૦ વિદ્યાર્થીઓએ વિવિધ ૨૦ જેટલી કૃતિઓ રજૂ કરી હતી. આ ઉપરાંત તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૭૧ વિદ્યાર્થીઓને તેમના ઉત્તમ પરિણામો તથા વિવિધ સ્પર્ધાઓમાં જિલ્લા કક્ષા, ઝોનકક્ષા કે રાજ્યકક્ષા સુધીના શ્રેષ્ઠ પ્રદર્શન બદલ સન્માનવામાં આવ્યા હતા.

સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન તથા મેનેજમેન્ટ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા કરાવડાવીને પ્રેમાનંદ સ્કૂલે વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાનું સ્કીલ એજ્યુકેશન પણ આપેલું છે. સંસ્થાના ડાયરેક્ટર ડો. માતંગ પુરોહિતના જણાવ્યા મુજબ કાર્યક્રમનું ઉદઘાટન પૂજ્ય શ્રી મુક્તાનંદજી બાપુ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રખર શિક્ષણવિદ્ ગિજુભાઈ ભરાડ ઉપરાંત યુકે-યુએસએથી પધારેલા મહેમાનો તથા અન્ય મહાનુભાવોએ હાજરી આપીને શ્રી પ્રેમાનંદ સ્કૂલના વિદ્યાર્થીઓ તથા સ્ટાફને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ અતિથિ વિશેષ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત કરનાર સ્ટાફ મિત્રોનો અભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

ઘઉં, ધાણા, જીરૂંના પાકને અસર થવાની ખેડૂતોને ભીતિ

# ગુજરાતના વાતાવરણમાં પલટો : ધુમ્મસથી વિઝિબિલિટી ઘટી

**કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ધુમ્મસભર્યું વાતાવરણ છવાયું, પશ્ચિમ અને પૂર્વ કચ્છમાં પણ અસર**

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ સહિત રાજ્યભરમાં રાત્રે ઠંડી અને દિવસે ગરમીથી હાલ તો મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. અમદાવાદ સહિત કેટલાક શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો ઉંચકાતા દિવસે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ભાવનગર શહેરમાં મહત્તમ તાપમાનનો પારો સૌથી વધુ ૩૬.૯ ડિગ્રી સુધી પહોંચ્યો છે. તો બીજી તરફ ઘણા વિસ્તારોમાં સવારથી જ કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ધુમ્મસભર્યુ વાતાવરણ પણ છવાયું હતું. પશ્ચિમ અને પૂર્વ કચ્છમાં ધુમ્મસની ચાદર છવાઈ હતી. તો રાજકોટ જિલ્લાના જેતપુર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધુમ્મસભર્યુ વાતાવરણ છવાયું હતું. ધુમ્મસભર્યા વાતાવરણથી વિઝિબિલિટી ઘટતા વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે. તો બીજી તરફ ઘઉં, ધાણા, જીરૂના પાકને પણ અસર થવાની ખેડૂતોને ભીતી સતાવી રહી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે ઉત્તર ભારત સહિત દેશના અનેક રાજ્યોમાં વરસાદ અને હિમવર્ષાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. પર્વતીય રાજ્યોમાં સ્થિતિ એવી છે કે હવામાન વિભાગે અહીં રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. રાજધાની દિલ્હીમાં પણ દિવસભર જોરદાર પવન ફૂંકાય છે. વાતાવરણ ખુશનુમા રહ્યું હતું, ત્યારબાદ રાત્રે વરસાદ જોવા મળ્યો હતો. દિલ્હીમાં વરસાદ બાદ ફરી ઠંડી વધવાની આશંકા છે.

# ધોરણ-૧૨ની પ્રાયોગિક પરીક્ષાના ગુણ બોર્ડને ૭ માર્ચ સુધી મોકલવાની તાકીદ

અમદાવાદ,તા.૨૩

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની શાળા દ્વારા લેવામાં આવેલી પ્રાયોગિક પરીક્ષા તેમજ ધોરણ૧૨ સાયન્સમાં કમ્પ્યુટરની પ્રાયોગિક પરીક્ષાના ગુણ બોર્ડને ૭ માર્ચ સુધીમાં મોકલી આપવા માટે તાકીદ કરવામાં આવી છે. બોર્ડના કાર્યક્રમ અનુસાર ૧૨થી ૧૫ ફેબ્રુઆરી દરમ્યાન શાળા કક્ષાએ પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાના ગુણ બોર્ડને ૭ માર્ચ સુધીમાં મોકલવાના રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૧ માર્ચથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવનાર છે. જોકે, આ પરીક્ષા શરૂ થાય તે પહેલા બોર્ડના શાળાકીય વિષયોની પ્રાયોગિક પરીક્ષા શાળા દ્વારા લેવામાં આવે તે માટે સુચના આપી હતી. બોર્ડ દ્વારા નક્કી કરેલા કાર્યક્રમ અનુસાર, ૧૨ ફેબ્રુઆરીથી ૧૫ ફેબ્રુઆરી દરમ્યાન બોર્ડના વિષયોની શાળાકક્ષાએ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવી હતી.

શિક્ષણ બોર્ડના પત્ર અનુસાર, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાના વિદ્યાર્થીઓની પ્રાયોગીક પરીક્ષા શાળા કક્ષાએ લેવામાં આવેલી છે. આ તમામ વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષાના ગુણ બોર્ડની વેબસાઈટ ઉપર શાળા દ્વારા ઓનલાઈન ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. શાળા દ્વારા શિક્ષણ બોર્ડને મોડામાં મોડા ૭ માર્ચ સુધીમાં તમામ વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષાના ગુણ મોકલી આપવાના રહેશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની જેમ ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓની શાળા કક્ષાના વિષય કમ્પ્યુટરની પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએથી લેવામાં આવી હતી. જેથી આ વિષય ધરાવતા વિદ્યાર્થીઓના ગુણ પણ બોર્ડને ૭ માર્ચ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા માટે શાળાના આચાર્યોને તાકીદ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓના ગુણ વિદ્યાર્થીના નામ અને માર્ચ૨૦૨૪ની પરીક્ષા માટે ફાળવેલા બેઠક નંબરના આધારે ભરવાના રહેશે. ઓનલાઈન માર્કસ ભરવા માટેની તમામ સુચનાઓ શાળાના ઈન્ડેક્ષ નંબર અને નોંધાયેલા મોબાઈલ નંબરથી લોગીન કર્યા બાદ ઓનલાઈન મળી જશે. જે શાળાઓમાં સેકટર સ્કીલ કાઉન્સીલના વોકેશનલ વિષયોનો અભ્યાસક્રમ અમલી છે, તેવી શાળાઓએ શાળા કક્ષાના આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણમાંથી ઉમેદવારે મેળવેલા ગુણ તથા સેકટર સ્કીલ કાઉન્સીલ (SSC) દ્વારા કરવામાં આવેલા પ્રાયોગિક મૂલ્યાંકનના ૫૦ ગુણમાંથી ઉમેદવારે મેળવેલા ગુણ સેકટર સ્કીલ કાઉન્સીલ (SSC)ના પ્રતિનિધિ પાસેથી મેળવી શાળા દ્વારા જ ઓનલાઈન ભરવાના રહેશે.

# લદ્દાખમાં શા માટે ફરીથી વિરોધ થઈ રહ્યો છે

**કેન્દ્રશાસિત પ્રદેશના રહેવાસીઓ રાજ્યનો દરજ્જો અને છઠ્ઠી અનુસૂચિના દરજ્જાની માંગણી કરી રહ્યા છે, તેમને ઓગસ્ટ ૨૦૧૯ પછી જમીન અને સંસાધનો ઉપર નિયંત્રણ ગુમાવવાનો ડર છે**

(એજન્સી) તા.૨૩

લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશના બંને જિલ્લા- લેહ અને કારગિલમાં છઠ્ઠી સૂચિનો દરજ્જો અને રાજ્યનો દરજ્જો મેળવવા માટે સંપૂર્ણ બંધ પાળવામાં આવ્યો હતો. ૨૦૧૯માં જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો અને રાજ્યનો દરજ્જો હટાવવાની ઉજવણી કરનાર લેહમાં આ વિરોધ પ્રદર્શનના વીડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયા હતા. આ બંધનું એલાન લેહ એપેક્સ બોડી અને કારગીલ ડેમોક્રેટિક એલાયન્સના નેતૃત્વ તરફથી આપવામાં આવ્યું હતું. તે લેહ અને કારગીલના અનેક સામાજિક, ધાર્મિક, રાજકીય અને વિદ્યાર્થી સંગઠનોનું પ્રતિનિધિત્વ કરે છે. કેન્દ્ર સરકાર અને લદ્દાખના નેતાઓ વચ્ચે પહેલી ઔપચારિક બેઠક ડિસેમ્બરમાં થઈ હતી. ૧૬ જાન્યુઆરીના રોજ કારગિલ અને લેહની બંને સંસ્થાઓએ ગૃહ મંત્રાલયને લેખિતમાં તેમની માંગણીઓ રજૂ કરી હતી. આ સૂચિત બંધના એક દિવસ પહેલાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સૂચના આપી હતી કે, સરકાર દ્વારા નિયુક્ત સમિતિ અને લદ્દાખ નેતૃત્વ વચ્ચે બીજી બેઠક ૧૯ ફેબ્રુઆરીએ યોજાશે. લદ્દાખના લોકો વિરોધ માટે મોટી સંખ્યામાં ભેગા થયા હતા જે આ પ્રદેશમાં કેન્દ્ર સામેના ગુસ્સાનો સંકેત છે. બીજી બેઠક પહેલા કારગિલ અને લેહના પ્રતિનિધિઓ કહે છે કે, તેઓ તેમની માંગ ઉપર અડગ છે. તેઓ મીટિંગમાંથી હકારાત્મક પરિણામની આશા રાખે છે. પાંચ ઓગસ્ટ, ૨૦૧૯એ કેન્દ્રએ જમ્મુ અને કાશ્મીરને રાજયમાંથી બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીરમાં ડાઉનગ્રેડ કર્યુ હતું. બૌદ્ધ બહુમતી ધરાવતા લેહ જિલ્લાએ જમ્મુ અને કાશ્મીરથી લદ્દાખના અલગ થવાની ઉજવણી કરી હતી, ત્યારે મુસ્લિમ બહુમતી ધરાવતા કારગિલ જિલ્લાએ આ પગલાનો વિરોધ કર્યો હતો. પરંતુ લેહમાં આ ઉજવણી અલ્પજીવી હતી. બૌદ્ધ બહુમતી ધરાવતા લેહ જિલ્લામાં વર્ષોથી લદ્દાખની પોતાની વિધાનસભા હોવી જોઈએ તેવી માગણી હતી. બીજું, અગાઉના રાજ્ય જમ્મુ અને કાશ્મીરના બાકીના નાગરિકોની જેમ લદ્દાખના લોકોએ પણ ઓગસ્ટ ૨૦૧૯ પછી આ પ્રદેશમાં સ્થાવર મિલકતની માલિકી અને સરકારી નોકરીઓ મેળવવાના વિશિષ્ટ અધિકારો ગુમાવ્યા હતા. સપ્ટેમ્બર ૨૦૧૯માં અનુસૂચિત જનજાતિ માટેના રાષ્ટ્રીય આયોગે લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશને છઠ્ઠી સૂચિનો દરજ્જો આપવાની ભલામણ કરી હતી. ૨૦૨૦માં



લેહ જિલ્લામાં રાજકીય, સામાજિક અને વિવિધ ધાર્મિક સંગઠનોએ લદ્દાખ માટે છઠ્ઠી સૂચિ માટે પીપલ્સ મૂવમેન્ટની રચના કરી હતી. મુસ્લિમ બહુમતી ધરાવતા કારગિલ જિલ્લાએ ગુપકર ઘોષણા માટે પીપલ્સ એલાયન્સ સાથે જોડાણ કર્યુ હતું. ઓગસ્ટ ૨૦૨૧માં કારગિલ અને લેહ બંનેએ લદ્દાખ માટે કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો નકારી કાઢ્યો અને તેના બદલે રાજ્યનો દરજ્જો માંગ્યો હતો. આ ઉપરાંત, તેઓએ જમીનના અધિકારો અને વતનીઓ માટે નોકરીઓ માટે સુરક્ષાની પણ માંગ કરી હતી. લદ્દાખના નેતૃત્વએ પાંચ ઓગસ્ટ, ૨૦૧૯ પછી રચવામાં આવેલા વહીવટની સ્થિતિ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે. તેવી જ રીતે આ પ્રદેશમાં નોકરીઓ અને રોજગારીની તકો અંગે ચિંતાઓ છે. ઓગસ્ટ ૨૦૧૯ પછી 'પર્યાપ્ત રોજગારની તકો' પ્રદાન કરવાના કેન્દ્રના વચન પછી પણ લદ્દાખમાં યુવાનો અને બેરોજગારો આ પ્રદેશમાં ભરતી અભિયાનની રાહ જોઈ રહ્યા છે. ઓગસ્ટ ૨૦૧૯ પછી લદ્દાખ ભારતીય જનતા પાર્ટીની કટ્ટરપંથી સરકાર માટે બહુપક્ષીય પડકાર તરીકે સામે આવ્યું છે. રાજકીય રીતે લદ્દાખ ભાજપ માટે સરળ નથી. સપ્ટેમ્બર ૨૦૨૦માં લદ્દાખ ઓટોનોમસ હિલ ડેવલપમેન્ટ કાઉન્સિલની ચૂંટણીની જાહેરાત થયા પછી લદ્દાખ માટે છઠ્ઠી સૂચિ માટે શક્તિશાળી અમલગમ પીપલ્સ મૂવમેન્ટે તેમની માંગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી મતદાન બહિષ્કારની જાહેરાત કરી હતી. ઓકટોબર ૨૦૨૦માં જ્યારે ચૂંટણીઓ યોજાઈ હતી, ત્યારે ભારતીય જનતા પાર્ટીએ કાઉન્સિલની ૨૬ બેઠકો પર બહુમતી જાળવી રાખી હતી. ૨૦૨૧થી કેન્દ્રએ લદ્દાખ નેતૃત્વ સાથે ચર્ચાના અનેક રાઉન્ડ યોજ્યા છે. આગામી મહિને લોકસભાની ચૂંટણીની જાહેરાત બાદ આદર્શ આચારસંહિતા લાગુ થવાની સંભાવના છે. લદ્દાખ નેતૃત્વના એક સભ્યે કહ્યું કે, તેઓ આગામી મીટિંગમાં પ્રગતિની અપેક્ષા રાખી રહ્યા છે.

# CBSEના ધોરણ-૧૦ના ગુજરાતીના પેપરમાં ૨૨ પ્રશ્નો કોર્ષ બહારના પૂછાયા

**● વિદ્યાર્થીઓએ ધ્યાન દોરતા સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા તાત્કાલિક બોર્ડને જાણ કરવામાં આવી ● બોર્ડ દ્વારા આગામી દિવસોમાં આ અંગે પોતાનો નિર્ણય જાહેર કરવામાં આવશે**

અમદાવાદ,તા.૨૩

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)ની ધોરણ-૧૦ની ગુજરાતી વિષયની પરીક્ષામાં ૨૨ ગુણના પ્રશ્નો અભ્યાસક્રમ બહારના પુછવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. પેપર હાથમાં આવતા જ ઘણા પ્રશ્નો કોર્ષ બહારના હોવાનું જણાતા વિદ્યાર્થીઓએ ખંડ નિરીક્ષકનું ધ્યાન દોર્યું હતું. જેથી ત્યારબાદ સેન્ટરના સુપ્રિટેન્ડન્ટે બોર્ડને આ અંગે જાણ કરી હતી. જેથી બોર્ડ દ્વારા આગામી દિવસોમાં નિર્ણય કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, CBSEમાં મંગળવારે ધોરણ૧૦ના વિદ્યાર્થીઓનું ભાષાનું પેપર હતું. જેમાં ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી વિષયની પરીક્ષા હતી. જોકે, પેપર હાથમાં આવ્યા બાદ પ્રશ્નપત્રમાં ૮૦ ગુણના પ્રશ્નોમાંથી ૨૨ ગુણના પ્રશ્નો અભ્યાસક્રમ બહારના પુછાયા હોવાનું સામે આવતા વિદ્યાર્થીઓની હાલત કફોડી બની હતી. ગુજરાતી વિષયના પ્રશ્નપત્રમાં અમુક પ્રકરણ હાલના અભ્યાસક્રમમાં નથી, તેમ છતાં તે અંગેના પ્રશ્નો પ્રશ્નપત્રમાં પુછવામાં આવ્યા હતા. સમગ્ર પેપર વિદ્યાર્થીઓએ ચેક કરતા એક બે નહીં, પરંતુ કુલ ૨૨ ગુણના પ્રશ્નો અભ્યાસક્રમ બહારના હોવાનું સામે આવ્યું હતું. જેથી વિદ્યાર્થીઓએ તાત્કાલીક ખંડ નિરીક્ષકને આ અંગેની જાણ કરતા તેમણે સેન્ટરના સુપ્રિટેન્ડન્ટને જાણ કરી હતી. પ્રશ્નપત્રમાં ૨૨ ગુણના પ્રશ્નો અભ્યાસક્રમ બહારના પુછવામાં આવ્યા હોવાનું જણાતા મોટાભાગના વિદ્યાર્થીઓએ આ પ્રશ્નોના જવાબોની જગ્યા ખાલી મુકી દીધી હતી. આમ, ૮૦ ગુણના બદલે વિદ્યાર્થીઓ માત્ર ૫૮ ગુણનું પ્રશ્નપત્ર લખીને બહાર નિકળ્યા હતા. ધોરણ૧૦ના ગુજરાતીના પેપરમાં મારો યાદગાર પ્રવાસ અને માતૃભાષાનું મૂલ્ય વિષય પૈકી ગમે તે એક વિષય ઉપર નિબંધ લખવા જણાવાયું હતું.આમ, ધોરણ-૧૦ના ગુજરાતી વિષયના પ્રશ્નપત્રમાં છબરડો થતાં વિદ્યાર્થીઓ રડમસ થયા હતા. પરંતુ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં એકાદ દિવસમાં જ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે.

# મોદીના નેતૃત્વમાં ભારત અને અરબ જગત પહેલાં કરતાં વધુ નજીક આવી ગયા છે

**ભારતે એવા સમયે અરબ વિશ્વ સાથેના તેના સંબંધોને ગાઢ બનાવવા માટે તેના આર્થિક અને વ્યૂહાત્મક હિતોનો લાભ ઉઠાવ્યો છે, જ્યારે આ પ્રદેશ પોતે પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે**

નવી દિલ્હી, તા.૨૩

સરળ શબ્દોમાં કહીએ તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી હેઠળની ભારત સરકાર ૨૦૧૪થી અરબ વિશ્વના દેશો સાથે ગાઢ મિત્ર બની ગઈ છે. તેઓએ મોટા પ્રોજેક્ટ્સ ઉપર સાથે કામ કર્યું છે, જેમ કે વસ્તુઓ બનાવવા અને ઊર્જા માટે સોદા કરવા. તાજેતરમાં જ મોદીએ સંયુક્ત અરબ અમીરાત (UAE) અને કતારની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે કેટલીક મહત્ત્વપૂર્ણ બાબતો કરી હતી. UAEમાં તેમણે ત્યાં પ્રથમ હિન્દુ મંદિર ખોલ્યું. કતારમાં તેણે કેટલાક નૌકાદળના અનુભવીઓને પાછા લાવવામાં મદદ કરી જેઓ મુશ્કેલીમાં હતા. કેટલાક નિષ્ણાતો માને છે કે, આ એટલા માટે છે કારણ કે, મોદી અન્ય નેતાઓ સાથે મિત્રતા કરવામાં સારા છે. અન્ય લોકો માને છે કે, ભારત અર્થતંત્ર અને ઊર્જા જેવા ક્ષેત્રોમાં સારૂં પ્રદર્શન કરી રહ્યું છે. અરબ વિશ્વના દેશો માત્ર તેલ ઉપર આધાર રાખવા કરતાં વધુ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, તેથી તેઓ ભારત જેવા દેશો સાથે રિન્યુએબલ એનર્જી અને નવી ટેક્નોલોજી જેવી



બાબતો પર કામ કરવામાં રસ ધરાવે છે. ભારત અને સઉદી અરેબિયા એવા બે મોટા દેશો છે જે આર્થિક રીતે સારી રીતે કામ કરી રહ્યા છે. ભારત છેલ્લા ૧૦ વર્ષોમાં અરબ વિશ્વ સાથે વધુને વધુ જોડાઈ રહ્યું છે અને તેને એક મોટા પરિવર્તન તરીકે જોવામાં આવે છે. અગાઉ, ભારત પાકિસ્તાન સાથેના સંબંધોને કારણે તેમાં સામેલ થવામાં વધુ સાવધ રહેતું હતું. પરંતુ હવે ભારત આરબ દેશો સાથે વધુ વ્યવહારૂ અને મૈત્રીપૂર્ણ બની રહ્યું છે. મોદીએ UAE અને કતારની મુલાકાતો દરમ્યાન ત્યાંના નેતાઓ સાથે મહત્ત્વપૂર્ણ કરારો કર્યા હતા. UAEમાં તેઓ વેપાર, સ્થળાંતર અને સુરક્ષા ઉપર સાથે મળીને કામ કરવા સંમત થયા. કતારમાં તેઓ કુદરતી ગેસના પુરવઠા માટે મોટા સોદા માટે સંમત થયા હતા.

તાજેતરમાં ભારત મધ્ય-પૂર્વના દેશો સાથે સંબંધો બાંધવામાં સારૂ પ્રદર્શન કરી રહ્યું છે. આ દેશો પાસે રોકાણ કરવા માટે પુષ્કળ નાણાં છે અને તેઓ ભારતમાં રોકાણ કરવા માંગે છે કારણ કે, તે ઝડપથી વિકસતું બજાર છે. ભારત આ દેશોમાંથી શક્ય એટલું વિદેશી રોકાણ આકર્ષવા માંગે છે. મધ્ય-પૂર્વના કેટલાક દેશો, જેમ કે સઉદી અરેબિયા અને UAE ત્યાં ભારતના ઘણા લોકો રહે છે તેથી તેઓ ભારત સાથે ભાગીદારીમાં રસ ધરાવે છે. તેઓ તાજેતરના વર્ષોમાં ભારતમાં તેમનું રોકાણ વધારી રહ્યા છે. ઉદાહરણ તરીકે યુએઈએ ભારતીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઘણાં નાણાંનું રોકાણ કરવાનું વચન આપ્યું છે. સઉદી અરેબિયાએ પણ ભારતમાં મોટી રકમનું રોકાણ કરવાનું વચન આપ્યું છે અને રોકાણમાં મદદ કરવા માટે ભારતમાં ઓફિસ પણ સ્થાપી શકે છે. જો કે, રસ્તામાં કેટલાક પડકારો પણ છે. ભારત સ્વતંત્ર રહેવા માંગે છે અને આ ક્ષેત્રમાં થઈ રહેલા સંઘર્ષમાં વધુ પડતું ન પડવા માંગે છે. ભારતે ભૂતકાળમાં અરબ વિશ્વની ટીકાઓનો પણ સામનો કરવો પડ્યો છે, પરંતુ તે ઈજિપ્ત, સઉદી અરેબિયા અને UAE જેવા દેશો સાથે વધુ સારા સંબંધો બાંધવામાં સફળ રહ્યું છે. ભારત સરકાર આ સંબંધોને મજબૂત કરવાના પ્રયાસો કરી રહી છે, વડાપ્રધાન અને અન્ય અધિકારીઓ આ પ્રદેશની વારંવાર મુલાકાત લેતા હોય છે. એકંદરે ભારત મધ્ય-પૂર્વના દેશો સાથે મજબૂત ભાગીદારી બનાવવા માટે સખત મહેનત કરી રહ્યું છે. ભારતે ઈરાન પાસેથી તેલ ખરીદવાનું બંધ કર્યું હોવા છતાં ભારત તેની સાથે વધુ સારૂં રહ્યું છે. તેઓ સાથે મળીને પોર્ટ માટે ડીલ ઉપર કામ કરી રહ્યા છે. અફઘાનિસ્તાનમાં ભારતની યોજનાઓ માટે ઈરાન મહત્ત્વનું છે કારણ કે, તેનું તાલિબાન સાથે મજબૂત જોડાણ છે. ભારતે યુએઈમાંથી રાજકુમારીને પરત લાવવામાં પણ મદદ કરી, જે દર્શાવે છે કે, તેઓ તેમના સંબંધો સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. દેશો સાથે મળીને કામ કરવા માટે નેતાઓ વચ્ચે વિશ્વાસ કેળવવો મહત્ત્વપૂર્ણ છે. તે બધા દેશો તેમના પોતાના હિતો શોધી રહ્યા છે.

# IPLની ૧૭મી સીઝન ૨૨ માર્ચથી શરૂ થશે

**લોકસભાની ચૂંટણી હોવા છતાં સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન ભારતમાં જ થશે**

નવી દિલ્હી, તા.૨૩

ઈન્ડિયન પ્રિમીયર લીગ(આઈપીએલ)ની આગામી સિઝન ૨૨ માર્ચથી શરૂ થશે અને લોકસભા ચૂંટણી છતાં આનું આયોજન પૂરી રીતે દેશમાં થશે. આઈપીએલના અધ્યક્ષ અરૂણ ધુમલે આ જાણકારી આપી. ચૂંટણી એપ્રિલ અને મેમાં થવાની સંભાવના છે અને આ જ કારણ છે કે આઈપીએલની ૧૭મી સિઝનનો કાર્યક્રમ હજુ સુધી જાહેર કરવામાં આવ્યો નથી. ધુમલે કહ્યું કે શરૂઆતમાં આ લીગના ફક્ત પહેલા ૧૫ દિવસના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવશે. બાકી મેચોના કાર્યક્રમની જાહેરાત ચૂંટણીની તારીખોની જાહેરાત બાદ થશે. લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત આગામી મહિનાની શરૂઆતમાં થવાની સંભાવના છે. ધુમલે કહ્યું કે અમે ટુર્નામેન્ટને ૨૨ માર્ચથી શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છે. અમે સરકારી એજન્સીઓ સાથે મળીને કામ કરી રહ્યા છીએ. અમે સૌથી પહેલા શરૂઆતનો કાર્યક્રમ જાહેર કરીશું. પૂરી ટુર્નામેન્ટનું આયોજન ભારતમાં થશે. આ પહેલા ૨૦૦૯માં ચૂંટણી દરમ્યાન આઈપીએલની પૂરી સિઝનનું આયોજન દ.આફ્રિકામાં થયું હતું જ્યારે ૨૦૧૪માં આની અમુક મેચો યુએઈમાં રમાઈ હતી. ત્યારબાદ ૨૦૧૯માં ચૂંટણી દરમ્યાન આ લીગનું આયોજન પૂરી રીતે દેશમાં જ થયું હતું. જૂનમાં રમાનાર ટી-૨૦ વિશ્વકપને ધ્યાનમાં રાખીને આઈપીએલની ફાઈનલનું આયોજન ૨૬ મેના રોજ થઈ શકે છે. ભારતીય ટીમ ટી-૨૦ વિશ્વકપમાં પાંચ જૂને ન્યુયોર્કમાં આયરલેન્ડ વિરૂદ્ધ પોતાના અભિયાનની શરૂઆત કરશે. આ ટુર્નામેન્ટની શરૂઆત પહેલી જૂને અમેરિકા અને કેનેડા વચ્ચેની મેચ સાથે થશે. સામાન્ય રીતે આઈપીએલની ઉદ્‌ઘાટન મેચ ગત વર્ષના ચેમ્પિયન અને રનર્સઅપ વચ્ચે રમાય છે. આવામાં આનો પ્રારંભિક મુકાબલો ચેન્નાઈ સુપર કિંગ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાવાની સંભાવના છે. ખેલાડીઓની હરાજી ગતવર્ષ ડિસેમ્બરમાં જ થઈ ચૂકી છે અને ઓસ્ટ્રેલિયાના ઝડપી બોલર મિશેલ સ્ટાર્ક કોલકાતા નાઈટ રાઈડર્સ દ્વારા ૨૪.૭૫ કરોડ રૂપિયામાં ખરીદાયા બાદ લીગના ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બની ગયો છે.

# માંગરોળમાં મદ્રેસા કાશીફૂલ ઉલૂમનો વાર્ષિક જલસો ઉજવાયો

## ૧૨ હાફિઝ અને ૫ કારીઓ ને સનદો આપી સન્માનિત કરવામાં આવ્યા



(પ્રતિનિધિ દ્વારા)
માંગરોળ તા. ૨૩

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે મદ્રેસા જામિયા ઈસ્લામિયા અરેબિય કાશિફુલનો બુધવારે રાત્રે વાર્ષિક જલસો ઉજવાયો હતો. જેમાં મદ્રેસાના તાલિબે ઈલ્મોએ મધૂર કંઠે કુઆનની તિલાવત, નાત નઝમ અને તકરીરો રજુ કરી હતી. આ વર્ષે મદ્રેસામાંથી ૧૨ હાફીઝ અને પાંચ કારી ફારીક થયા હતા. તેઓને મહેમાને ખુશુસીના હસ્તે સનદો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તમામ ફારીક થનાર તાલિબે ઈલ્મ એજ્યુકેશનમાં પણ અગ્રેસર રહ્યા છે. તેઓએ ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ ના ચાલુ અભ્યાસ દરમ્યાન કુર્આન કંઠસ્થ કરીને હાફીઝે કુઆનની ડીગ્રી મેળવી હતી. ફારીગ થનારના વાલીઓને પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં શહેરની નામાંકિત હસ્તીઓ હાજર રહી હતી. જેમાં માંગરોળના મુફતી હુસેન પારેખ, મુફતી અબ્દુલ્લાહ પટણી, મૌલાના મુહમ્મદ કરૂડ દાવડા, મૌલાના મતિન વોરા સહીતના આગેવાનો અને હોદેદારો અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોગ્રામનું સંપૂર્ણ સંચાલન મુફતી હુઝેફા કરૂડે કર્યું હતું. પ્રોગ્રામને સફળ બનાવવા માટે મૌલાના સાદીક ઢેરા અને મદ્રેસાના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# સેંજળધામ ખાતે સતાધારની જગ્યાને ધ્યાનસ્વામીબાપા એવોર્ડ અર્પણ

## મોરારીબાપુની પ્રેરણા અને માર્ગદર્શનમાં છેલ્લા ૧૪ વર્ષથી દેહાણ જગ્યાની વંદના થાય છે



તલગાજરડા, તા.૨૩

પૂ.મોરારીબાપુની પ્રેરણા થકી દેહાણ જગ્યાને અપાતો પૂ.ધ્યાનસ્વામીબાપા એવોર્ડ-૨૦૨૪, આ વર્ષે સંતશ્રી આપાગીગાની જગ્યા, સતાધારને અર્પણ થશે. મોરારીબાપુના હસ્તે આ એવોર્ડ જગ્યાના વર્તમાન પ્રતિનિધિ મહંત વિજયબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુને અર્પણ થયેલ છે.

રાતદિવસ જ્યાં હરિહરની હાકલ પડે છે અને "ટુકડો ત્યાં હરિ ઢુકડો" તથા "ભજન કરો અને ભોજન કરાવો" નો મહામંત્ર ગુંજતો રહે છે, ઉપનિષદના "અન્નમ બ્રહ્મતિ વ્યજાનાત" સૂત્રને નાત-જાત, વર્ણ-પંથ, ઊંચ-નીચના ભેદભાવ વિના ચરિતાર્થ કર્યું છે એવી સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાતની દેહાણ જગ્યાઓ ધર્મની તથા સમાજની અનન્ય સેવાઓ કરતી આવી છે. વિખરાતા સમાજને રોટલાથી જોડ્યો છે, સાંપ્રત સમયમાં પણ વિવિધ સેવાઓ દ્વારા ઝૂંપડીઓમાં અંજવાળા પાથર્યા છે, સર્વના સ્વીકાર સાથે માનવસેવા-ગૌસેવાના કાર્ય દ્વારા ધર્મચિંતન કર્યું હોય એવી જગ્યાઓને દર વર્ષે ફેબ્રુઆરી માસમાં (માઘપૂર્ણિમા) સેંજળ (તા.સાવરકુંડલા) ખાતે સૂત્રમાલા,શાલ, સ્મૃતિચિન્હ (એવોર્ડ)અને એવોર્ડ રાશિ (૧,૨૫,૦૦૦)થી ધ્યાનસ્વામીબાપા એવોર્ડ અર્પણ કરીને તેમની વંદના કરવાનો ઉપક્રમ પૂ. મોરારીબાપુની પ્રેરણા અને માર્ગદર્શનમાં વિનમ્રભાવે છેલ્લા ૧૪ વર્ષથી રચાતો આવ્યો છે. આ વર્ષના અને સળંગ ૧૪માં એવોર્ડનો પ્રારંભ ૨૦૧૧ થી થયો છે. નિબારકાચાર્ય હરિવ્યાસજી મહારાજના શિષ્ય પૂ.ધ્યાનસ્વામી વ્રજમાંથી વિચરણ કરીને વર્ષો પહેલા સૌરાષ્ટ્રના સેંજલ ગામે આવેલા.(આજે ત્યાં એમની ચેતન સમાધિ છે) તેઓ મોરારીબાપુની ભક્તિ પરંપરાના મૂળ પુરૂષ છે. તેમના અધિકારી શિષ્ય પૂ.રજીવનદાસજીના વંશમાં મોરારીબાપુનો જન્મ થયો. એ મૂળ પુરૂષના નામ સાથે આ એવોર્ડનું નામ જોડવામાં આવ્યું છે.

આજ તા.૨૩/૨/૨૦૨૪ ને શુક્રવારે સવારના ૯ થી ૧૧ વાગે દેહાણ જગ્યાના મહંતો, વિદ્વાનો અને ભક્તજનોની ઉપસ્થિતિમાં સેંજળધામ ખાતે આ એવોર્ડની અર્પણ વિધિ કરવામાં આવી છે. સેંજળધામ ખાતે દર વર્ષની જેમ જગ્યાનો પાટોત્સવ પણ યોજાશે. જગ્યામાં પ્રતિવર્ષ મુજબ વૈષ્ણવ સાધુ સમાજ તેમજ સેંજળ ગામની દીકરીઓના સમૂહ લગ્ન પણ યોજાશે.

# એહમદપુર માંડવી ચેકપોસ્ટ પાસે આવેલ ગોડાઉનમાંથી ઈંગ્લીશ દારૂ સાથે બે ઝડપાયા

ઉના તા. ૨૩

ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચેના પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવીણ ભાઈ મોરી, રાજુભાઈ ગઢીયા, પોલીસ કોન્સ્ટેબલ સંદીપસિંહ ઝણકાટ અને સ્ટાફને બાતમી મળતાં ઊના તાલુકાના એહમદપુર માંડવી ચેકપોસ્ટ પાસે પોઈઝ ડી.જે. નામના ગોડાઉનમાં રેડ કરતા તેમાં છૂપાવલ પર પ્રાંતની બનાવટના ઈંગ્લિશ દારૂની બોટલો અને બિયરના ટીન નંગ ૧૬૧ રૂા.૧૧,૩૦૦, બે મોબાઈલ ફોન મળી કુલ રૂા.૨૦૩૦૦/ના મુદામાલ સાથે પ્રીયેશ સુરેન્દ્ર ચોહાણ અને જલકેશ કાન્તીભાઈ ચોહાણ રે. ઘોઘલાવાળાને પકડી ઊના પોલીસ સ્ટેશને લાવી ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી. હવે દીવના લોકો પણ ગુજરાતમાં દારૂ ઘુસાડવાની પ્રવૃતિ કરતા હોય પોલીસે તેને નિષ્ફળ બનાવી હતી.

# ભેંસાણ: રૂા.૫૯.૪૬ લાખની જીરાની ખરીદીના છેતરપીંડીના કેસમાં નિર્દોષ છુટકારો

જૂનાગઢ તા. ૨૩

ભેંસાણ માર્કેટીંગ યાર્ડમાં પાટીદાર ટ્રેડીંગ પેઢીના ભાગીદારો રૂા.૫૯,૪૬,૮૭૬ની જીરાની ખરીદીના વિશ્વાસઘાત અને છેતરપીંડીના કેસમાં નિર્દોષ છુટકારો થયો છે. આ કેસની વિગત એવી છે કે, ભેંસાણ માર્કેટીંગ યાર્ડમાં પાટીદાર ટ્રેડીંગના નામની પેઢી ખોલી અને ખેડુતો પાસેથી રૂા.૫૯,૪૬,૮૭૬ ના જીરાની ખરીદી કરી છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ ચેતનભાઈ ઘનશ્યામ નાળીયાધરાએ તા.૮-૩-૧૯ના રોજ વિવિધ ખેડુતો પાસેથી જીરાની ખરીદી કરેલ જેમાંથી રૂા.૩૭,૫૦,૦૦૦ આરોપી નં.૧નાએ ખેડુતોને બે વખત ચુકવી આપેલ અને બાકીની રકમ રૂા.૧૧,૯૬,૮૭૬ નહીં ચુકવી છેતરપીંડીનો ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ભેંસાણ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવેલ હતી. આ અંગે ભેંસાણ પોલીસે આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૪૦૯ તથા ૧૧૪ મુજબની ફરીયાદ નોંધેલ હતી. જેની તપાસનીસ અધિકારીએ લાગતા-વળગતા સાહેદોના નિવેદન લઈ આરોપી ૧ થી ૭ની સામે કોર્ટમાં ચાર્જશીટ કરેલ હતું. આ કેસ તાજેતરમાં ગુણદોષ ઉપર ચાલી જતાં ભેંસાણના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. પી.જે. રાયચુરાની કોર્ટે બંને પક્ષકારોની દલીલો સાંભળી પુરાવાના અભાવે આરોપી નં.૨ જતીન ઉર્ફે બાઉ નિકુલ સોજીત્રાને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આરોપી તરફે જૂનાગઢના એડવોકેટ એન્ડ નોટરી ભરતભાઈ એમ. રાવલ રોકાયેલા હતા.

# ખેલ મહાકુંભ અંતર્ગત દોડ સ્પર્ધામાં પ્રથમ આવી ઉના તાલુકાનું ગૌરવ વધાર્યુ



ઉના તા. ૨૩

ઊના તાલુકાના નાના એવા દેલવાડા ગામમાં રહેતા માવજીભાઈ વાઢેરની દિકરી દક્ષિકાબેન માવજીભાઈ વાઢેર કોડીનારની સોમનાથ સાયન્સ એકેડેમી DLSS માં ધોરણ ૧૧માં અભ્યાસ કરે છે. તેમણે તાજેતરમાં જિલ્લાકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધા ૨૦૨૪ યોજાઈ હતી તેમાં ૨૦૦ મીટર દોડ સ્પર્ધામાં પ્રથમ ક્રમે અને ૧૦૦ મીટર દોડ સ્પર્ધામાં બીજા ક્રમે વિજેતા થઈ હતી. અને હવે દક્ષિકાબેન માવજીભાઈ વાઢેર રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવા પસંદગી પામતા તેમણે તેમના પરિવાર સાથે ઊના તાલુકા ભરનું ગૌરવ વધારેલ છે. દક્ષિકાબેનએ અગાઉ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં રમી ઘણા એવોર્ડ પ્રાપ્ત કર્યા હતા.

# ઉનામાં માતૃભાષા દિવસ નિમિત્તે શાસ્ત્રી ધર્મપ્રસાદજી કોલેજ દ્વારા સેમીનાર યોજાયો

ઉના તા. ૨૩

ઊના શહેરમાં આવેલ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળમાં શાસ્ત્રી ધર્મપ્રસાદજી આર્ટસ, કોમર્સ અને બીએડ કોલેજ દ્વારા વિશ્વ માતૃભાષા ગુજરાતી દિવસ નિમિતે એક સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં કોલેજના અધ્યાપકો તથા છાત્રાઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ સેમિનારમાં સંસ્થાના સ્થાપક શાસ્ત્રી સ્વામી માધવદાસજીએ આશીર્વચન આપેલ હતા. ત્યારબાદ નિયામક નરેન્દ્રભાઈ ગોસ્વામી, આચાર્ય ડેનીસભાઈ, ગુરૂકુલના અધ્યક્ષ કિશોરભાઈ વડાલિયાએ માતૃભાષાનું મહત્વ સમજાવેલ હતું અને કાયમી માતૃભાષાનો ઉપયોગ કરવા સંકલ્પ લેવડાવ્યા હતા.

### વીએફએસ ગ્લોબલે માહિતી આપી

# અમદાવાદમાંથી વિઝા અરજીની સંખ્યા ૨૦૧૯ના સ્તરને ૩૨% વટાવી ગઈ

## વિઝા એટ યોર ડોરસ્ટેપ જેવી વ્યક્તિગત સેવાઓની સ્વીકૃતિ ૨૦૧૯ની સરખામણીમાં ચાર ગણી વધી

અમદાવાદ, તા.૨૩

૨૦૨૩માં અમદાવાદથી વિઝા અરજીઓની સંખ્યા મજબૂત રહી અને રોગચાળા પહેલાના સ્તરને વટાવી ગઈ કારણ કે વિદેશ જવાની મુસાફરી સતત વધી રહી છે. વીએફએસ ગ્લોબલના જણાવ્યા અનુસાર, ૨૦૨૩માં અમદાવાદમાંથી વિઝા અરજીના જથ્થામાં વાર્ષિક ધોરણે ૧૦%નો વધારો નોંધાયો હતો. રોગચાળા પહેલાની સંખ્યાની સરખામણીમાં, અમદાવાદમાંથી વિઝા અરજીની સંખ્યા ૨૦૧૯ના સ્તરને ૩૨% વટાવી ગઈ હતી. અમદાવાદમાં જરૂરિયાત માટેની રચના ભારતમાં નોંધાયેલા એકંદર વૃદ્ધિના વલણને અનુરૂપ હતી, જેમાં વર્ષ ૨૦૨૩માં વિઝા અરજીઓમાં વાર્ષિક ધોરણે ૧૬%નો વધારો જોવા મળ્યો હતો. રોગચાળા પહેલાના આંકડાઓની સરખામણીમાં, ભારતમાંથી વિઝા અરજીની સંખ્યા ૨૦૧૯ના સ્તરના ૯૩% સુધી પહોંચી ગઈ છે.

"અમે ૨૦૨૨ માં ભારત અને સમગ્ર દક્ષિણ એશિયા ક્ષેત્રમાંથી મજબૂત માંગ જોવાનું ચાલુ રાખ્યું હતું, જેના કારણે સમગ્ર વર્ષ દરમિયાન સ્થિર જથા સાથે વિસ્તરિત ટોચની વિદેશ જનારા મુસાફરી કરવાનો સમય રહ્યો હતો. અમે ટેક્નોલોજીના નેતૃત્વમાં, એકીકૃત, અત્યંત સુરક્ષિત અને ભરોસાપાત્ર ઉકેલો દ્વારા અસાધારણ ગ્રાહક સેવા પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છીએ," શરદ ગોવાની, હેડ-વેસ્ટ, વીએફએસ ગ્લોબલે જણાવ્યું હતું.

ગોવાણીએ વધુમાં ઉમેર્યું હતું કે, અરજદારોએ વીએફએસ ગ્લોબલનો ખોટું કરતી નકલી વેબસાઈટ્સ/સોશિયલ મીડિયા પૃષ્ઠો અને પૈસાના બદલામાં એપોઈન્ટમેન્ટ વેચાણ થતાં હોવાથી સાવચેત રહેવું જોઈએ. "એપોઈન્ટમેન્ટ્સ મફત છે અને ફક્ત www.vfsglobal.com પર જ ઉપલબ્ધ છે, વહેલા તે પહેલા ધોરણોની સેવાના આધારે. એક જવાબદાર સેવા પ્રદાતા તરીકે, અમે જોખમ સામે જાગૃતિ લાવવાનું ચાલુ રાખીશું અને અરજદારોને તેમની મુસાફરીનું વહેલું આયોજન કરવા વિનંતી કરીશું. ૨૦૨૩માં ભારતના પ્રવાસીઓ દ્વારા પસંદ કરાયેલા કેટલાક લોકપ્રિય સ્થળો કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, નેધરલેન્ડ, સાઉદી અરેબિયા, સ્વિટ્ઝર્લેન્ડ, યુકે, યુએસ (મૂળાક્ષરોના પ્રમાણે) હતા.

# માંગરોળનાં વેરાવળ રોડ ઉપર અકસ્માતમાં માળીયા હાટીનાનાં દલિત યુવકનું થયેલ મોત



(પ્રતિનિધિ દ્વારા)
માંગરોળ, તા.૨૩

માંગરોળના વેરાવળ રોડ ઉપર પરબ વિસ્તાર નજીક બાઈક ચાલક બોલેરો પાછળ અથડાતા બાઈક ચાલકનું મોત નીપજયું હતું. માંગરોળના વેરાવળ રોડ પરબ વિસ્તાર નજીક માળીયા હાટીના દલિત યુવક આકાશ પરમાર (ઉ.વ.૨૫) બાઈક ઉપર જઈ રહ્યો હતો ત્યારે અકસ્માત સર્જાતા આકાશની બાઈક બોલેરો પાછળ ઘુસી ગઈ હતી. બાઈક ચાલક યુવક ગંભીર રીતે ઈજા પામતા ૧૦૮ મારફત માંગરોળની સરકારી હોસ્પીટલ ખાતે ખસેડતા ફરજ ઉપરના ડોકટરે યુવકને મૃત જાહેર કર્યો હતો. આ બાબતે માંગરોળ પોલીસ સઘન તપાસ હાથ ધરી છે.

### પીએમજેએવાય યોજનાના દર્દીઓની હાલાકી વધી

# ખાનગી હોસ્પિટલ્સ પેમેન્ટ બાબતે સરકારના ઠાગાઠૈયા

અમદાવાદ, તા.૨૩

પીએમ જય યોજના હેઠળ કાર્ય કરતી હોસ્પિટલના પ્રશ્નોનું કોઈપણ નિરાકરણ ન આવવાથી આ હોસ્પિટલના એસોસિએશનદ્વારાસરકારને તથા પીએમજય યોજનાના અધિકારીઓને આખરી ઉપાય તરીકે હોસ્પિટલો તારીખ ૨૬ થી ૨૯ ફેબ્રુઆરી સુધી પીએમજય યોજનામાં સારવારથી અળગી રહેશે એવું જણાવ્યા પછી સરકારના અને પીએમજય યોજનાના અધિકારીઓએ હોસ્પિટલના એસોસિયેશનના સભ્યોને ચર્ચા માટે બોલાવેલા. આથી તારીખ ૨૧ ફેબ્રુઆરીના રોજ પ્રિન્સિપલ હેલ્થ સેક્રેટરી ધનંજય દ્વિવેદી , હેલ્થ કમિશનર હર્ષદ પટેલ , પીએમજય યોજનાના ગુજરાતના અધિકારી ડોક્ટર શૈલેષ આનંદ , બજાજ ઈન્સ્યોરન્સ ના અધિકારીઓ તથા પ્રાઈવેટ હોસ્પિટલના એસોસિએશન પીઈપીએચએજી ના સભ્યો વચ્ચે ખૂબ જ મહત્વની મીટીંગ યોજાઈ. આ મિટિંગમાં અધિકારીઓએ હોસ્પિટલના બાકી નાણાંની ચુકવણી અને અન્ય પ્રશ્નોના ઉકેલનો પ્રયત્ન કરી રહ્યા છીએ એવું જણાવ્યું પરંતુ આ પ્રશ્નોનું નિરાકરણ ક્યારે આવશે એની કોઈ બાહેધરી આપી નહીં.

આ ઉપરાંત હેલ્થ મિનિસ્ટરઋષિકેશ પટેલ સાથેની બીજી ફેબ્રુઆરીની મીટીંગ પ્રમાણે તેઓના જણાવ્યા પ્રમાણે લગભગ ૩૦૦ કરોડ જેટલું હોસ્પિટલનું પેમેન્ટ બાકી છે અને દરેક હોસ્પિટલને ત્રણ દિવસમાં જ પેન્ડિંગ પેમેન્ટ માટેનો દરેક પેશન્ટ વાઈઝ ડેટા ઈમેલ દ્વારા જાણ કરવામાં આવશે અને આઠથી દસ દિવસમાં બધું બાકી પેમેન્ટ આવી જશે એવી બાહેધરી આપવામાં આવેલી. પરંતુ તેના લગભગ ૨૦ દિવસ વીતી જવા છતાં પણ કોઈપણ ઈમેલ હોસ્પિટલને મળ્યો નથી અને પેમેન્ટ પણ માત્ર પાંચથી દસ ટકા જેટલું જ આપ્યું છે. ગઈકાલની મિટિંગમાં અધિકારીઓ દ્વારા એવું કહેવામાં આવ્યું કે ૧૨૦ કરોડ જેટલું પેમેન્ટ બાકી છે.

આમ જોઈએ તો બંને મિટિંગમાં પણ બાકી પેમેન્ટ વિશે વિસંગતતાઓ છે. આ સિવાય ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ અને એસએચએ વચ્ચે પણ પેમેન્ટ બાબતે કોણે કેટલું પેમેન્ટ કરવાનું છે એની સહમતી હજુ સુધી થઈ નથી.

### નાસાની પ્રમુખ સ્વામીને અનોખી અંજલિ

# નાસાના ચંદ્ર પર લેન્ડ થનારા સ્પેસ ક્રાફ્ટ પર પ્રમુખસ્વામીની

## અમેરિકાની સ્પેસ સંસ્થા દ્વારા સ્પેસ ક્રાફ્ટ પર કરાયેલી કોતરણી પ્રમુખ સ્વામી મહારાજની સેવાના સન્માનમાં છે

નવી દિલ્હી તા.૨૩

બીએપીએસ(બોચાસણવાસી અક્ષર પુરષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા) સંગઠનના ગુરુ પ્રમુખ સ્વામી મહારાજને અમેરિકન અવકાશી સંસ્થા નાસા એક અનોખી શ્રદ્ધાંજલિ આપવા જઈ રહી છે. નાસાનુ યાન ઓડિસિયસ ચંદ્ર તરફ આગળ વધી રહ્યું છે અને નાસાના આઈએમ-૧ મિશનના ભાગરુપે તે ૨૨ ફેબ્રુઆરીએ ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગનો પ્રયાસ કરશે. તેની બહારની સપાટી પર પ્રમુખ સ્વામી મહારાજની તસવીર સાથે તેમણે કરેલા કામની માહિતી આપવામાં આવી છે. ઈન્ટ્યુઈટિવ મિશન્સે એક્સ પર આ તસવીરો શેર કરીને લખ્યું છે કે, 'રિલેટિવ ડાયનેમિક્સના સમન્વયથી લોન્ચ કરાયેલા આઈએમ -૧ મિશન દ્વારા પરમ પાવન પ્રમુખ સ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ છે. સ્પેસ ક્રાફ્ટ પર કરાયેલી કોતરણી પ્રમુખ સ્વામી મહારાજની સેવાના સન્માનમાં છે. તેમણે આખું જીવન નિઃસ્વાર્થ પણે માનવીય મૂલ્યોના સમર્થનમાં તેમજ માણસ જાતની સેવામાં પસાર કર્યું હતું. તેમના સેવા કાર્યો બે દેશો વચ્ચેના સાંસ્કૃતિક જોડાણનુ નિમિત્ત બન્યા હતા. અંતરિક્ષમાં પણ શોધખોળના ક્ષેત્રે અલગ અલગ દેશોનું જોડાણ મહત્ત્વનું બની રહે છે.

પ્રમુખ સ્વામી મહારાજનો જન્મ ૧૯૨૧માં થયો હતો. તેમનુ સાંસારિક નામ શાન્તિલાલ પટેલ હતું. બાદમાં તેમણે સ્વામિનારાયણ સંપ્રદાયમાં જોડાઈને દીક્ષા ગ્રહણ કરી હતી. વડોદરા પાસે જન્મેલા પ્રમુખ સ્વામી મહારાજના નેતૃત્વમાં બીએપીએસ સંપ્રદાયે સમગ્ર દુનિયામાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સામાજિક કાર્યોને લગતી પ્રવૃત્તિઓ વિસ્તારી હતી. પ્રમુખ સ્વામી મહારાજના કારણે અમેરિકામાં બીએપીએસના સંખ્યાબંધ મંદિરોનું નિર્માણ શક્ય બન્યું છે. દિલ્હીના ભવ્ય અક્ષરધામ મંદિર બનાવવામાં પણ તેમની મહત્ત્વની ભૂમિકા હતી. તેમણે પોતાના જીવનકાળમાં લગભગ ૧૦૦૦ ભવ્ય મંદિરો બનાવડાવ્યા છે. તેઓ વર્ષ ૨૦૧૬માં ૯૪ વર્ષની વયે સ્વર્ગવાસી થયા હતા.

# ગુગલે કર્મીઓને એસએમએસ મોકલી નોકરીમાંથી કાઢી મૂક્યા

## ગૂગલના પૂર્વ કર્માચારી એલેક્સ કોહેને ટેક કંપનીમાંથી પોતાને કાઢી મૂકવા અંગેનો અનુભવ શેર કર્યો

નવી દિલ્હી, તા.૨૩

દુનિયાની સૌથી મોટી ટેક કંપનીઓમાંથી એક ગુગલમાં નોકરી મેળવવાનું સપનું ઘણા લોકો જોતા હોય છે. પરંતુ આ મોટી કંપનીમાં કામ કરતા અનેક લોકોની નોકરી અચાનક છીનવાઈ ગઈ છે. કંપનીની લેટેસ્ટ પ્રોડક્ટ જેમિનિ એઆઈચેટબોટ છે અને કંપનીએ તેના પર કામ કરતા કર્મચારીને માત્ર એક એસએમએસમોકલીને નોકરીમાંથી કાઢી મૂક્યો છે. ગૂગલના પૂર્વ કર્માચારી એલેક્સ કોહેને ટેક કંપનીમાંથી પોતાને કાઢી મૂકવા અંગેનો અનુભવ શેર કર્યો છે અને જણાવ્યું કે, અચાનક તેના પરથી હેંગઆઉટ્સઅને ગુગલ ડ્રાઈવનું એક્સેસ છીનવી લેવામાં આવ્યું. ત્યારબાદ તેમના મેનેજરે એક એસએમએસમોકલીને જણાવ્યું કે, તેમને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. કંપનીએ આ સંપૂર્ણ પ્રક્રિયામાંથી પસાર થવું પણ જરૂરી ન સમજ્યું. એલેક્સે જણાવ્યું કે, તે ગૂગલના જેમિનિ એઆઈમોડેલ સાથે સબંધિત એલ્ગોરિધમ પર કામ કરી રહ્યો હતો. માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ એક્સપર પોતાના ટર્મિનેશનની માહિતી આપતા એલેક્સે લખ્યું કે, જણાવતા દુઃખ થઈ રહ્યું છે કે, મને આજે ગૂગલમાંથી કાઢી મૂકવામાં આવ્યો. હું જેમિનીને શ્રેષ્ઠ બનાવવા માટે ડેવલપ કરવામાં આવી રહેલા એલ્ગોરિધમનો ઈન્ચાર્જ હતો. એલેક્સે લખ્યું કે, હું ૧૨ મહિનાનો સર્વીરિએન્સ પીરિયડ લઈ રહ્યો છું અને ત્યારબાદ હું નક્કી કરીશ કે, આગળ શું કરવાનું છે. એલએલએમએસ અને એઆઈશીખવાનો આ ૫ મહિનાનો સફર મજેદાર રહ્યો. અજીબ વાત એ છે કે છેલ્લા દિવસોમાં પરપ્લેક્ટી એઆઈ સીઈઓઅરવિંદ શ્રીનિવાસે જણાવ્યું હતુ કે ગૂગલે એક સમયે તેના કેટલાક કર્મચારીઓને ૩૦૦% સુધીનો પગાર વધારો આપ્યો હતો. આ વધારો એવા કર્મચારીઓને આપવામાં આવ્યો હતો જેઓ કંપનીની સર્ચ ટીમનો ભાગ હતા. આ કર્મચારીઓનો એઆઈવિભાગ સાથે કોઈ સીધો સંબંધ નહોતો.

# સિગ્નેચર બ્રિજના લોકાર્પણમાં વડાપ્રધાનના આગમન પૂર્વે દ્વારકાનું તંત્ર સજ્જ





(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૩

આગામી રવિવાર તારીખ ૨૫ મીના રોજ દેવભૂમિ દ્વારકામાં બેટ દ્વારકા ખાતે નિર્માણ પામેલા સિગ્નેચર બ્રિજના લોકાર્પણ પ્રસંગે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું આગમન થઈ રહ્યું છે. જેને અનુલક્ષીને યોજાયેલા વિવિધ કાર્યક્રમો તેમજ સુરક્ષા વ્યવસ્થા સુદ્રઢ બની રહે તે માટે જિલ્લાનું વહીવટી તંત્ર સંપૂર્ણપણે સજ્જ થઈ ગયું છે. પોલીસ તંત્ર દ્વારા તમામ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા સુચારૂ બની રહે તે માટે એક્શન પ્લાન ઘડવામાં આવ્યો છે.

દેવભૂમિ દ્વારકામાં વહીવટી તંત્ર દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી નિયમિત રીતે અધિકારીઓ, આગેવાનો સાથે બેઠકનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. અહીં અગ્ર સચિવ હારીત શુક્લા તથા પ્રભારી એમ.એ. પંડ્યા દ્વારા ખાસ બેઠક યોજાઇ હતી. દ્વારકામાં વડાપ્રધાનની મુલાકાતના તમામ સ્થળો સિગ્નેચર બ્રિજ, એન.ડી.એચ. ગ્રાઉન્ડનું સભા સ્થળ, દ્વારકાધીશ મંદિર, બેટ દ્વારકા મંદિર, સહિતના સ્થળોએ મજબૂત પોલીસ બંદોબસ્ત સહિતની વ્યવસ્થાઓ તેમજ સાથે સાથે આયોજનના ડેમો પણ કરવામાં આવ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યા અધિક નિવાસી કલેક્ટર ભુપેશ જોટાણિયા, જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી, દ્વારકાના પ્રાંત અધિકારી એચ.ડી. ભગોરા, અહીંના પ્રાંત અધિકારી કે.કે. કરમટા તથા અન્ય જિલ્લાઓમાંથી અત્રે મુકાયેલા પાંચ જેટલા અધિક નિવાસી કલેક્ટરો, પાંચ ડેપ્યુટી કલેક્ટર તથા પાંચ મામલતદાર દ્વારા સઘન કામગીરી કરવામાં આવી રહી છે.

## પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્તઃ જુદી જુદી ટુકડીઓ ફરજ પર



દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઘણા લાંબા સમય બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આગમન થઈ રહ્યું છે. ત્યારે તેમના આગમનના સંદર્ભમાં ચુસ્ત બંદોબસ્ત અને સુરક્ષા વ્યવસ્થા સાથેનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રાજકોટ રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવના માર્ગદર્શન હેઠળ દ્વારકા, બેટ દ્વારકા, ઓખા, જગત મંદિર, બેટ દ્વારકાનું મંદિર, સિગ્નેચર બ્રિજ, વિગેરે તમામ સ્થળોની નિયમિત મુલાકાત સાથે સભાના સ્થળની સુરક્ષા અંગે પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

રાજ્યના અન્ય જિલ્લાઓમાંથી નવ જેટલા એસ.પી, તેમજ ૨૫ ડી.વાય.એસ.પી., ૬૦ પી.આઈ., ૭૦ પી.એસ.આઈ. તેમજ ૧૫૦૦ જેટલા પોલીસ કોન્સ્ટેબલ અને જી.આર.ડી. હોમગાર્ડઝના જવાનોનો મજબૂત બંદોબસ્ત ગોઠવાયો છે. જે આવતીકાલે શનિવારથી જ અહીં આવી જશે.

## બેટ દ્વારકામાં ખાસ વ્યવસ્થા

જે સ્થળે સિગ્નેચર બ્રિજનું નિર્માણ થયું છે, તે બેટ દ્વારકાના સમગ્ર વિસ્તારમાં શરૂઆતથી અંત સુધી પુલના ઉદ્ઘાટન વખતે તથા આખા દિવસમાં વડાપ્રધાનની મુલાકાત સંદર્ભે સઘન બોટ પેટ્રોલિંગ સાથે આ તમામ સ્થળોએ પોલીસ સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સાથે સાથે બેટ દ્વારકા ખાતે વડાપ્રધાન મંદિરના દર્શનાર્થે પણ જનાર હોય, બેટના જુદા જુદા સ્થળોએ ઘરની અગાસીઓ પર દૂરબીન સાથે પોલીસની ચાંપતી નજર રહેશે. આ દિવસોમાં લોકોને તેમના ઘરની અગાસી પર ન આવવા તથા બેટ દ્વારકામાં લોકોના ઘરે દરરોજ આવતા મહેમાનોની યાદી પણ પોલીસ દ્વારા દરરોજ મંગાવીને ચેક કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આ સમગ્ર આયોજન દરમિયાન રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાય પણ અહીં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. અહીંની સુરક્ષા વ્યવસ્થા માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય, એ.એસ.પી. રાઘવ જૈન, ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ, સમીર સારડા, દ્વારકાના પી.આઈ. ટી.સી. પટેલ સહિતના અધિકારીઓ, સ્થાનિક પોલીસ કર્મીઓ દ્વારા આ વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે.

# સોમનાથ બાયપાસ ચોકડી સીએનજી પંપ ખાતેથી સીએનજી- પીએનજી અંગે લોકજાગૃતિ લાવવા માટે ઓટો રેલીને ફ્લેગ ઓફ અપાયું






પ્રદૂષણનો એકમાત્ર વિકલ્પ સીએનજી અને પીએનજી હોય સૌ એ અપનાવું જોઈએ : કલેક્ટર ડી.ડી.જાડેજા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૩

સમગ્ર વિશ્વમાં આજે વિકાસ સાથે તેની આડપેદાશ તરીકે પ્રદૂષણની વિકટ અને ગંભીર સમસ્યાએ આકાર લીધો છે. આ સમસ્યાઓને નાથવા માટે અનેક નૂતન પ્રયોગો હાથ ધરવામાં આવે છે. વાયુ પ્રદૂષણ ઘટાડવાનો આવો જ એક ઉપયોગ વાહનોમાં સીએનજીનો વપરાશ વધારવાનો છે. આ ઉપક્રમમાં આજે સોમનાથ બાયપાસ ચોકડી ખાતે આઈઆરએમ સીએનજી પંપ ખાતેથી લોકો જાગૃતિ ફેલાવવા હેતુસર નિકલનાર CNG ઓટો રેલીને કલેકટર જાડેજા, જીલ્લા પ્રમુખ મહેન્દ્ર પીઠીયા, ચેરમેન વિક્રમભાઈ પટાટ અને IRM કંપનીના અધિકારીઓએ ફ્લેગ ઓફ કરાવ્યું હતું. આ અવસરે કલેક્ટરએ જણાવ્યું કે, પ્રદૂષણનો એકમાત્ર વિકલ્પ સીએનજી અને પીએનજીનો ઉપયોગ વધારવાનો છે. લોકોમાં સીએનજી વપરાશ માટેની જાગૃતતા વધે અને તે વ્યાપક પ્રચલનમાં મૂકાય તે માટે આજે આઈ.આર.એમ એનર્જી દ્વારા રિક્ષા રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી દ્વારા લોકોમાં પર્યાવરણ સાનુકૂળ એવા ઈંધણના વપરાશ અંગે લોકોમાં જાગૃતિ વધે તો આ રેલીનો હેતુ સાર્થક થયેલો ગણાશે. પીએમ નરેન્દ્રભાઈ મોદી ગેસ આધારિત ઈકોનોમી પર પણ ભાર મૂકી રહ્યાં છે ત્યારે ક્લિન અને ગ્રીન એનર્જી દ્વારા પર્યાવરણની વધુ સારી સુરક્ષા કરી શકાશે. આ કાર્યક્રમમાં આઈ.આર.એમ એનર્જીના મેનેજર હાર્દિકભાઈ ડોડિયા, શ્વેતાંગ ગોટીએ જણાવ્યું હતું કે કેડિલા ફાર્માસ્યૂટિકલની સબસિડરી કંપની એવી આઈઆરએમ એનર્જી ગીર સોમનાથ જિલ્લા અને દિવમાં ૧૫ સીએનજી સ્ટેશન ચલાવવા સાથે ૫ હજાર ઘરોમાં ઘરેલું ગેસનું વિતરણ કરી રહી છે. આ રેલી વેરાવળના ઉર્જા સીએનજી સ્ટેશનથી શરૂ થઈ બસ સ્ટેશન, ભાલકા, જીઆઈડીસી, સોમનાથ અને તાલાલા જેવા મુખ્ય સ્થળોએને આવરી લઈ ૬૦ કીમીના રૂટ ઉપર લોકજાગૃતિ ફેલાવશે. આ કાર્યક્રમમાં આરટીઓ અધિકારી એન.જે. ગુજરાતી, એમ.એ. કાકરેચા સહિત બજાજ ઓટોના પ્રતિનિધિઓ, આઈઆરએમ એનર્જીના કર્મચારીઓ અને રિક્ષા ચાલકો ઉપસ્થિત રહ્યાં હતાં.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આવકારવા દ્વારકા નગરીમાં થનગનાટ

# ગોમતી ઘાટ ખાતે વોટર પ્રોજેકશન લાઈટ એન્ડ સાઉન્ડ શો યોજાયો





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૩

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસે પધારી રહ્યા છે. ત્યારે દ્વારકા નગરીમાં વડાપ્રધાનશ્રીને આવકારવા અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. ગોમતી ઘાટ ખાતે વોટર પ્રોજેકશન લાઈટ એન્ડ સાઉન્ડ શો યોજવામાં આવ્યો હતો. ગોમતી ઘાટ ખાતે સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતું. ગુજરાત સરકારશ્રીના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર હસ્તકની કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, દેવભુમિ દ્વારકા તેમજ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા દ્વારકાના ગોમતી ઘાટ ખાતે વોટર પ્રોજેકશન લાઈટ એન્ડ સાઉન્ડ શો યોજવામાં આવ્યો હતો. જેને પ્રવાસીઓ, શ્રદ્ધાળુઓ નિહાળી અભિભૂત થયા હતા.

# પ્રવાસન અને વન મંત્રીશ્રી મુળુભાઈ બેરાએ ભાણવડ તાલુકાના માનપર ખાતે રૂા.૩૮૯.૬૭ લાખના ખર્ચે બનનારા ૨ રસ્તાનું ભૂમિ પૂજન કર્યું

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૩



પ્રવાસન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઇ બેરાએ ભાણવડ તાલુકાના માનપર ગામ ખાતે રૂપિયા ૩૮૯.૬૭ લાખના ખર્ચે બનનારા બે રસ્તાનું ભૂમિ પૂજન કર્યું હતું.

પ્રવાસન અને વન મંત્રીશ્રી મુળુભાઈ બેરાએ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા બનનારા રસ્તાનું ભૂમિ પૂજન કરી ખાત મુહૂર્ત કર્યું હતું. મંત્રીશ્રીએ મનપરથી ફોટડી તથા બોડકીથી વર્તુ ડેમ તરફ જતા રસ્તાની પાકો રસ્તો બનાવવા માટે માનપર ખાતે રસ્તાનું ભૂમિ પૂજન કરી ખાતમુહૂર્ત કર્યું હતું. મનપરથી ફોટડી રોડ માનપર અને ફોટડી ગામ તેમજ ભાણવડ તાલુકા મથકને જોડતો અગત્યનો રસ્તો છે. એવી જ રીતે બોડકી વર્તુ ડેમ રોડ બોડકીથી વર્તુ ડેમ તેમજ ભાણવડ તાલુકા મથકને જોડતો અગત્યનો રસ્તો છે. પ્રવાસન અને વન મંત્રી મૂળુભાઈ બેરાએ આ તકે જણાવ્યું હતું કે, અંદાજે નવ માસની અંદર તૈયાર થનાર બંને રસ્તા પાકા બારમાસી રસ્તો બનતા આસપાસના ખેડૂતોને પોતાના પાકને લઈ જવા માટે ખૂબ જ ઉપયોગી બનશે તથા લોકોને અવરજવર માટે ખૂબ જ ઉપયોગી બનશે. આ પ્રસંગે કાર્યપાલક ઈજનેર શ્રી માર્ગ અને મકાન પંચાયત, મામલતદાર શ્રી સહિત અધિકારીઓ તેમજ અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગઢવી-ચારણ સમાજને લઈ અપમાનજનક અને ભડકાઉ ટીપ્પણી કરનાર સામે એટ્રોસીટી એકટ મુજબ કાર્યવાહી કરવા માંગ કરી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૩

તાજેતરમાં તળાજામાં એક સમારોહમાં ગઢવી-ચારણ સમાજને લઈ અપમાનજનક અને ભડકાઉ ટીપ્પણી કરનાર ગીગાભાઈ ભમ્મર સામે એટ્રોસીટી એકટ મુજબ ફરીયાદ નોધી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે ગીર સોમનાથ સમસ્ત ચારણ (ગઢવી) સમાજ દ્વારા જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવીને માંગણી કરવામાં આવી છે.

ગીર સોમનાથ સમસ્ત ચારણ (ગઢવી) સમાજના આગેવાનો અને યુવાનો દ્વારા રેલી સ્વરૂપે જીલ્લા કચેરીએ પહોંચી જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતુ. જેમાં જણાવેલ કે, તળાજા ખાતે યોજાયેલ સમુહલગ્ન સમારોહમાં ગીગાભાઈ ભમ્મરએ ગઢવી- ચારણ સમાજને નિશાન બનાવીને અપમાનજનક ટિપ્પણી કરી હતી. જેમાં વિવિધ સમુદાયો વચ્ચે દ્વેષ અને મતભેદ ઉશ્કેરવાના સ્પષ્ટ ઉદેશ સાથે આવા નિવેદનો માત્ર ગઢવી/ચારણ સમાજની લાગણીઓને ઠેસ પહોચાડતા નથી પરંતુ અમારા સમાજ અને સમુદાયમાં સાંપ્રદાયિક સૌહાર્દ અને શાંતિ માટે પણ ખતરો ઉભો કર્યા સમાન છે. ત્યારે આ હરકત ભારતીય દંડ સહિતાની કલમ ૨૯૫(A) ના સ્પષ્ટ ઉલ્લંઘનમાં છે. જે ધાર્મિક અથવા સમુદાયની લાગણીઓને ઉશ્કેરવાના હેતુથી ઈરાદાપૂર્વક અને દૂષિત કૃત્યોને પ્રતિબંધિત કરે છે. વધુમાં તેમનું ભાષણ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩(A) અને ૫૦૪ હેઠળ પણ આવે છે જે ધર્મ,જાતિ, જન્મસ્થળ, રહેઠાણ ભાષા વગેરેના આધારે વિવિધ જુથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા અને ઉશ્કેરવાના હેતુથી ઈરાદાપુર્વક અપમાન સાથે સંબંધિત છે. સમાજમાં સહિષ્ણુતા અને સાંપ્રદાયિક સૌહાર્દના મૂલ્યોનો જાળવી રાખવા માટે ગીગા ભમ્મર સામે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવા માંગ છે. ત્યારે ગીરગઢડાના આગેવાન હમરાજભાઈ ગઢવી દ્વારા તા.૧૭/૦૨/૨૦૨૪ના રોજ ગીર ગઢડા પોલીસ સ્ટેશનમાં ગીગાભાઈ ભમ્મર વિરૂધ્ધ એટ્રોસીટી એકટ મુજબ કાર્યવાહી કરવા અરજી કરેલ છે પરંતુ આ અનુસંધાને કોઈ એફઆઈઆર કે ફરીયાદ દાખલ થયેલ નથી. તો અમારી લાગણીઓને દુભાવનાર તથા સમાજ વિરૂધ્ધ ઝેર ઓકનાર સામે એટ્રોસીટી એકટ મુજબ કાર્યવાહી કરવા માંગણી કરીએ છે.

# સોરઠના સાંસદ રાજેશભાઈ ચુડાસમાની રજૂઆતને ધ્યાને લેતા જુનાગઢનું રેલવે સ્ટેશન ૨૩૨ કરોડના ખર્ચે અપગ્રેડ થઈ આધુનિક યાત્રી સુવિધાઓ થી વિકસાવાશે

(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૩

સોરઠમાં પર્યટનનું હબ ગણાતા જુનાગઢ શહેરના રેલ્વે સ્ટેશનમાં યાત્રી સુવિધા વધારવા અંગે શોરઠ ના લોક લાડીલા સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ રૂબરૂ તથા લેખીત પત્ર પાઠવીને રેલ મંત્રી સમક્ષ માંગ કરી હતી જેને સ્વીકારી રેલ્વે સ્ટેશનમાં આધુનિક સુવિધા વધારવા ૨૩૨ કરોડ જેવી માતબર રકમ મંજુર કરી છે જેથી આગામી દિવસોમાં જુનાગઢ રેલ્વે સ્ટેશનની કાયાકલ્પ થશે તેમ શોરઠ લોક લાડીલા સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું આ નિર્ણય પ્રધાનમંત્રી મોદીની ગેરંટીને સાર્થક સમાન છે જુનાગઢ તથા ગીર સોમનાથ જીલ્લાના યુવા અને લોક લાડીલા સંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા દ્વારા ગત સમયમાં જુનાગઢ શહેરના રેલ્વે સ્ટેશનમાં હાલમાં પુરતી સીવધા ન હોય આ જુનાગઢ રેલ્વે સ્ટેશન અધતન બનાવવા માટે અપડેગ્રેશન રજુઆત મંત્રી અશ્વિની વૈષ્ણવજી, દર્શનાબેન જરદોસને રજુઆત કરતા ઉપરોકત બન્ને મંત્રીઓ દ્વારા આ બાબતે ખાસ અંગત રસ લઈ જુનાગઢ રેલ્વે સ્ટેશનને અપગ્રેડેશન માટુ રૂ/–૨૩૨ કરોડ મંજુર કરેલ છે.માન.સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા દ્વારા વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી મંત્રી અશ્વિની વૈષ્ણવજી તથા મંત્રી દર્શનાબેન જરદોસનો જાહેર આભાર માનેલ છે. અને જુનાગઢ તથા ગીર સોમનાથ જીલ્લાના વિસ્તારના લોકો દ્વારા રાજેશભાઈનો આભાર માની અભિનંદન પાઠવેલ છે.



(તસ્વીર : જાદવ ચુડાસમા)

# શ્રી શારદાપીઠ આર્ટ્સ, કોમર્સ એન્ડ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારકા ખાતે માતૃભાષા મહોત્સવ નિમિતે પરિસંવાદ યોજાયો





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૩

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શ્રી શારદાવિદ્યા સભા સંચાલિત શ્રી શારદાપીઠ આર્ટ્સ, કોમર્સ એન્ડ કૉલેજ ઑફ એજ્યુકેશન, દ્વારકાના સંયુક્ત ઉપક્રમે માં માતૃભાષા મહોત્સવ નિમિત્તે એક દિવસીય પરિસંવાદ : મળી માતૃભાષા મને ગુજરાતીનું આયોજન કરવામાં આવ્યું. આ પરિસંવાદના અધ્યક્ષ સ્થાને સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, મીઠાપુરના આચાર્ય શ્રી ડો. જેસિંગભાઈ વાંઝા તથા પરિસંવાદના વક્તાઓશ્રી ડૉ. ઈશ્વરભાઈ પરમાર, ડૉ.ઉષાબેન લાડાણી, ડૉ.પ્રવિણભાઈ સાંજવાએ પોતાના વક્તવ્યમાં ગુજરાતી ભાષાનું ગૌરવ, ભાષાની જરૂરિયાત, ભાષાનો વિકાસ તેમજ માતૃભાષાના મહત્ત્વ વિશે પોતાની આગવી શૈલીમાં માહિતી આપી હતી. પરિસંવાદનું સંચાલન ડૉ. વિપુલાબેન વાઘેલાએ કરેલ. વકતાઓનું સ્વાગત અને પરિચય સંસ્થાના આચાર્ય ડો. સંદીપભાઈ વાઢેરે કરેલ. કાર્યક્રમના આયોજનની તૈયારી ડો. હિતેષભાઈ ગૌસ્વામી એ કરેલ. પ્રસંગોચિત ઉદ્દબોધન ડો. કાજલબેન પટેલે કરેલ. આભારદર્શન પ્રા. રમણીબેન પટેલે કરેલ. સમગ્ર પરિસંવાદને સફળ બનાવવા આચાર્યશ્રી ડો. સંદિપભાઈ વાઢેર અને ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહાનો સાથ સહકાર આપ્યો હતો અને કોલેજના તમામ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આંગણવાડીઓમાં કાનુડા ઉત્સવ અંતર્ગત વેશભૂષા સ્પર્ધા યોજાઈ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૩



આગામી તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસે પધારી રહ્યા છે. ત્યારે જિલ્લાની તમામ આંગણવાડીમાં ભગવાન શ્રીકૃષ્ણની થીમ પર "કાનુડા ઉત્સવ" અંતર્ગત વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવી હતી.

જિલ્લાની તમામ ૬૯૧ આંગણવાડી, ૨૮ સેજા અને ૬ ઘટક કચેરી પર "કાનુડો ઉત્સવ" અંતર્ગત બાળકો વચ્ચે વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવી હતી.

તમામ ૬૯૧ આંગણવાડીમાં પ્રથમ ક્રમાંકે વિજેતા બાળકને આંગણવાડી કક્ષાએ, સેજા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. તેમજ આઈ.સી.ડી.એસની આગવી ઓળખ સમા "પોષણ" ને રાખીને આંગણવાડીના બાળકોને "પોષણ-લાડુ" પ્રસાદ સ્વરૂપે આપવામાં આવ્યા હતા.

ગુજરાત સરકાર,
નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઇ-પ્રોક્યુરમેન્ટ નોટીસ નં. ૧૬ ઓફ ૨૦૨૩-૨૪

(૧) કામનું નામઃ _સારણ જળ સંપતિ યોજના- એન્યુઅલ મેઇન્ટેનસ ઓફ અર્થન ડેમ, સ્પીલ-વે, વર્ટીકલ લીફ્ટ ગેટ્સ & એલાઇડ વર્કસ એટ ડેમ સાઇટ ફોર યર ૨૦૨૪-૨૫.
અંદાજીત રકમ રૂા.- ૪,૬૨,૧૯૮.૦૦

(૨) કામનું નામઃ રાણા ખીરસરા આર.આર. યોજના- એન્યુઅલ મેઇન્ટેનસ ઓફ અર્થન ડેમ, સ્પીલ-વે, રેડીયલ ગેટ્સ & એલાઇડ વર્કસ એટ ડેમ સાઇટ ફોર યર ૨૦૨૪-૨૫.
અંદાજીત રકમ રૂા.- ૨,૯૯,૬૦૬.૦૦

ટેન્ડર ઓનલાઇન સ્વીકારવાની તારીખ અને સમય
તારીખ- ૨૬/૦૨/૨૦૨૪ થી ૧૧/૦૩/૨૦૨૪ સમય ૧૮.૦૦ કલાક સુધી.
ફીઝીકલ ડોક્યુમેન્ટ પહોંચાડવાની છેલ્લી તારીખ- ૧૮/૦૩/૨૦૨૪
ઓનલાઇન પ્રાઇઝ બીડ ખોલવાની તારીખ અને સમય
તા.૧૨/૦૩/૨૦૨૪ના રોજ ૧૧.૦૦ કલાકે
સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીનું નામ અને સરનામુ/ ફોન નંબર.
કાર્યપાલક ઇજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ, જીલ્લા સેવા સદન-૨/૨, સાંદીપની રોડ, પોરબંદર-૩૬૦૫૭૭, ફોન નં. (૦૨૮૬) ૨૨૨૦૫૦૩
આ કામની વધુ વિગતો www.statetenders.gujarat.gov.in અને www.tender.nprocure.com પર જોઇ શકાશે.
નોંધઃ- હવે પછી કોઇ સુધારા થશે તો ઓનલાઇન સુધારો કરવામાં આવશે.
માહિતી/પોર/૩૩૫/૨૪

# ગિરનારની સીડી પરનાં દુકાનદારોની સતત ત્રીજા દિવસે હડતાલ

## તળેટીથી અંબાજી મંદિર અને ગુરૂદત્તાત્રેય શિખર સુધી પીવાનું પાણી, ચા-નાસ્તો અને ખાણીપીણીનાં સ્ટોલ બંધને પગલે યાત્રીકોને મુશ્કેલી






જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તિર્થક્ષેત્રમાં રોજ દૂર દૂરથી ભાવિકો દર્શનાર્થે અને યાત્રા-પ્રવાસે આવતા હોય છે. અને અનેક શ્રધ્ધાળુઓ ગિરનારની સીડી ચડીને અંબાજી માતાજીનાં દર્શને પણ જતા હોય છે. વર્ષો થયા આ પરંપરા ચાલી રહી છે. રોપ-વે કાર્યરત બન્યા હોવા છતાં પણ હજારો ભાવિકો પદયાત્રા કરી અને સીડી ઉપર ચડી અને માતાજીનાં દર્શનનો લ્હાવો લે છે અને માનતાઓ પુરી કરતા હોય છે. અહી આવનારા શ્રધ્ધાળુઓ માટે ગિરનારની સીડી ઉપર નાના વેપારીઓ દ્વારા દુકાનો કાર્યરત હોય છે અને યાત્રાળુઓને પાણી તેમજ જરૂરી નાસ્તા સહીતની સગવડો પુરી પાડવામાં આવતી હોય છે.

આ દરમ્યાન હાઈકોર્ટનાં આકરા વલણ અને આદેશ અનુસાર જીલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્લાસ્ટીકની દરેક ચીજવસ્તુઓનાં પેકીંગ અને પ્લાસ્ટીકની બોટલો ઉપર પાબંધી મુકી દેવાનાં પગલે દુકાનદારો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. અને જેને લઈને છેલ્લા બે દિવસથી ગિરનારની સીડીઓ ઉપરની તમામ દુકાનો બંધ રાખવામાં આવી છે. અને આજે પણ તમામ દુકાનો ત્રીજા દિવસે પણ બંધ હોય તળેટીથી અંબાજી મંદિર અને ત્યાંથી છેક ગુરૂદત્તાત્રેય શિખર સુધી પીવાનું પાણી-ચા નાસ્તો અને ખાણીપીણીનાં સ્ટોલ બંધ હોવાનાં કારણે યાત્રીકો મુશ્કેલીમાં મુકાયા છે. એક તરફ દુકાનદારો દ્વારા પોતાની વ્યાજબી માંગણી અંગે મકકમ વલણ દર્શાવીને અને હડતાલ યોજી રહયા છે. તો બીજી તરફ તંત્ર દ્વારા કેવા પગલા લેવામાં આવે છે ? અને કેવું વલણ અપનાવવામાં આવે છે ? તે અંગે તમામની મીટ મંડાયેલી છે.

ગિરનાર પર્વત ઉપર હાઈકોર્ટનાં આકરા વલણ અને આદેશ અનુસાર જીલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્લાસ્ટીકની દરેક ચીજ વસ્તુઓના પેકીંગ અને પ્લાસ્ટીકની પાણીની બોટલ ઉપર પાબંધી મુકી દીધી છે. અને તળેટી ખાતે જયાં સીડીની શરૂઆત થાય છે ત્યાં ચેકીંગ પોઈન્ટ મુકીને ગિરનાર ચડવા આવતા યાત્રીકોના સામાનનું ચેકીંગ કરવામાં આવે છે. અને પ્લાસ્ટીકની પાણીની બોટલ લઈ જવા દેવામાં આવતી નથી. સીડી ઉપરના વેપારીઓને પીવાના પાણી માટે ૨૦ લીટરના કેરબા આપ્યા છે. પરંતુ ગિરનાર પર્વત ઉપર પાણીની સુવિધા ના હોવાને લઈને તે કેરબામાં પાણી ભરવા વેપારીઓને ના છુટકે છેક તળેટીથી પાણી ઉપર ચડાવીને લાવવું પડે છે. જેનાં પરિણામે વેપારીઓને અને યાત્રીકોને પારાવાર મુશ્કેલી અનુભવવી પડે છે. આવા કારણોસર ગિરનાર સીડી પરના ૧૨૦ જેટલા વેપારીઓ દ્વારા અચોકકસ મુદતની હડતાલ શરૂ કરીને પોતાના વેપાર ધંધા બંધ કરી દેતા છેલ્લા ત્રણ દિવસથી ગિરનાર સુમસામ ભાસી રહયો છે. અને દર્શન કરવા આવતા યાત્રીકોને કયાંય પાણી મળતું નથી.

ગિરનાર વેપારી એસોસીએશન દ્વારા કલેકટરને આવેદનપત્ર આપીને પર્વત ઉપર પાણીની સુવિધા ઉભી કરવા માંગ કરી હતી. અને કલેકટરે ત્રણ દિવસની મહેતલ પણ આપી છે. ત્યારે હાલ તો તંત્ર દ્વારા પાણી પહોંચાડવા માટે ગિરનાર ઉપર અલગ અલગ પોઈન્ટ નકકી કરીને તે પોઈન્ટ ઉપર ૫૦૦૦ લીટરની મોટી ટાંકીઓ મુકવા માટેનું આયોજન વિચાર્યુ છે. ગઈકાલે ગિરનારની મુખ્ય સીડી પરથી સવારે ૫૦૦૦ લીટરની ૩ ટાંકીઓ ઉપર ચડાવવામાં આવી રહી છે. અને અન્ય બે સ્થળેથી પણ ટાંકીઓ ઉપર ચડાવવા માટે કામ શરૂ કરવામાં આવ્યું છે. પરંતુ સ્થાનીક લોકોનાં કહેવા મુજબ ગિરનાર ઉપર પાણીની સુવિધા નથી તો ત્યાં ટાંકીઓ મુકીને તેમાં પાણી કયાંથી ભરશે. અને તેમાં પાણી ભરશે તો તે ફિલ્ટરવાળું કે ચોખ્ખું પાણી હશે જે પીવાલાયક હોય શકે તેવા અનેક સવાલો હાલ ઉઠી રહયા છે. પરંતુ તંત્ર દ્વારા નેવાના પાણી મોભે ચડાવવા માટે પ્રયાસો શરૂ કર્યા છે. અને વેપારીઓ પણ મન મકકમ રાખીને હડતાલ પર અડગ છે.

# ભવનાથ ખાતે યોજાનાર શિવરાત્રી મેળા અંગે તડામાર તૈયારીઓ

## તા.૫થી ૮ માર્ચ સુધી યોજાનારા શિવરાત્રી મેળામાં આવનારા ભાવિકોની સુવિધા માટે લેવાશે અનેક પગલા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

ભજન, ભોજન અને ભકિતના ત્રિવેણી સંગમ સમા શિવરાત્રી મેળા અંગેની તૈયારી જોરશોરથી ચાલી રહી છે અને અનેક પગલાઓ લેવામાં આવી રહ્યા છે. આ મેળાની તૈયારીના ભાગરૂપે જૂનાગઢ જીલ્લા વહિવટી તંત્ર, મનપા તંત્ર તેમજ ધાર્મિક સ્થળો, સાધુ-સંતો અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા પણ જોરશોરથી તૈયારીઓ હાથ ધરાઈ છે અને બેઠકો પણ સતત યોજવામાં આવી રહી છે તેમજ આ બેઠકમાં જરૂરી સુચનો પણ મેળવવામાં આવી રહ્યા છે. આગામી શિવરાત્રીનો મેળો અતિ ભવ્ય રીતે યોજાઈ તે માટેના પ્રયાસ હાથ ધરાયા છે. જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તીર્થ ક્ષેત્રમાં દર વર્ષે શિવરાત્રીનો મહામેળો યોજવામાં આવે છે અને આ મેળામાં અંદાજીત ૧૦ લાખ ઉપરાંતના ભાવિકો ઉમટી પડે છે. આ વર્ષે પણ આગામી તા.૫થી ૮ માર્ચ દરમ્યાન શિવરાત્રીનો મેળો યોજાનાર છે ત્યારે આ મેળાને ખુબ જ સારી રીતે શાંતિમય રીતે અને ભક્તિભાવ પુર્વક યોજાઈ તે માટેની તૈયારીઓ શરૂ થઈ છે. મહાવદ નોમના દિવસે ભવનાથ મહાદેવને ધ્વજારોહણ કરાયા બાદ શિવરાત્રી મેળાનો વિધીવત પ્રારંભ થતો હોય છે અને શિવરાત્રીના દિવસે ભવ્ય રવાડી સરઘસ નીકળતું હોય છે અને ભવનાથ મહાદેવની મહાપૂજા બાદ શિવરાત્રી મેળાની પુર્ણાહુતી થતી હોય છે. શિવરાત્રી મેળો યોજાવાના હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે તડામાર તૈયારીઓ હાલ ચાલી રહી છે.

# જૂનાગઢમાં વાંધાજનક ભાષણ આપનાર મુફતી સલમાન અઝહરી પાસા હેઠળ વડોદરા જેલ હવાલે



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરમાં ગત તા.૩૧-૧-૨૦૨૪ના રોજ નરસિંહ સ્કૂલના ગ્રાઉન્ડમાં એક કાર્યક્રમમાં વાંધાજનક ભાષણ આપનાર મુંબઈના મુફતી સલમાન અઝહરીને વાંધાજનક ભાષણ આપવા બાબતે તેમની સામે કાર્યવાહી હાથ ધરી અને આખરે મુફતીનો પાસા અંતર્ગત વડોદરા મોકલી દેવામાં આવેલ છે. જૂનાગઢના નરસિંહ સ્કૂલના ગ્રાઉન્ડમાં એક કાર્યક્રમનું આયોજન થયું હતું અને જેમાં મુખ્ય વકતા તરીકે મુફતી સલમાન અઝહરી રઝવી મુંબઈ વાળાને બોલાવવામાં આવેલ અને આ કાર્યક્રમમાં વાંધાજનક ભાષણ આપવા બાબતે તેની વિરૂધ્ધ ગુનો પણ દાખલ કરવામાં આવેલ હતો. દરમ્યાન તેની સામે અન્ય શહેરોમાં પણ જુદા-જુદા કાર્યક્રમોમાં વાંધાજનક ભાષણ આપવા અંગે કુલ ૧૧ ગુનાઓ નોંધવામાં આવ્યા હતા. ગુજરાત રાજયમાં શાંતિ ડહોળવાના ઈરાદે તેઓના વાંધાજનક ભાષણ બાબતે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરમ્યાન જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાંજડીયાની સુચના તથા જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના સીધા માર્ગદર્શન હેઠળ કડક કાર્યવાહી હાથ ધરાઈ હતી. તેમજ આ શખ્સ વિરૂધ્ધ ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢ દ્વારા પાસા દરખાસ્ત તૈયાર કરી અને જૂનાગઢ જીલ્લા મેજીસ્ટ્રેટ તથા કલેકટરનો જીલ્લા પોલીસ વડા દ્વારા મોકલવામાં આવતા બનાવની ગંભીરતાને ધ્યાને લઈ અને મુફતી સલમાન અઝહરી વિરૂધ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવેલ અને પાસા વોરંટ ઈશ્યુ બાદ તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

મુફતી સલમાન અઝહરી સાબરમતી જેલમાં હોય અને જેલમાંથી છુટતા ગઈકાલે જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.જે. પટેલ તથા ક્રાઈમ બ્રાન્ચની ટીમે અમદાવાદ ખાતેથી મુફતીની અટક કરી અને પાસા અંતર્ગત સેન્ટ્રલ જેલ વડોદરા મોકલી આપવામાં આવેલ છે. આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચના પો.ઈન્સ. જે.જે. પટેલ, પો.સ.ઈ. ડી.કે.ઝાલા તથા એએસઆઈ નિકુલ એમ. પટેલ તથા પો. હેડ કોન્સ. જીતેષ મારૂ વિગેરે પો. સ્ટાફએ સાથે રહી આ કામગીરી કરેલ છે.

# વિસાવદર તાલુકાના શોભાવડલા ગામે સમન્સની બજવણી માટે ગયેલ પોલીસ પાર્ટી ઉપર હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

વિસાવદર તાલુકાના શોભાવડલા ગામે સમન્સની બજવણી કરવા ગયેલા આમર્સ પોલીસ ઉપર હુમલાનો બનાવ બનેલ છે. આ બનાવ અંગે જીજ્ઞેશભાઈ મૈસુરભાઈ ભેડા આમર્સ પોલીસ કોન્સ્ટેબલ, વિસાવદર પોલીસ સ્ટેશન વાળાએ આરોપી રામકુભાઈ હરીભાઈ ખાંભુ, હરીભાઈ ખાંભુ, મંગુબેન ખાંભુ, રામકુની પત્ની રહે.ચારેય શોભાવડલા(લશ્કર) વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી તથા સાહેદ આરોપીઓના ઘરે સમન્સની બજવણી કરવા ગયેલ હોય ત્યારે તેઓ કાયદેસરની રાજયસેવકની ફરજમાં હતા તે દરમ્યાન આ કામના આરોપી નં-૧નાએ ફરિયાદી સાથે ગેરવર્તન કરી, ભુંડી ગાળો આપી, લાકડી વડે માર મારી, આરોપી નં-૨નાએ ફરિયાદીને ઢીકાપાટુનો મુંઢ માર મારી, આરોપી નં-૩ તથા ૪નાઓએ ફરિયાદી તથા સાહેદને ભુંડી ગાળો આપી, આરોપી નં-૧નાએ ફરિયાદી તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી તમામ આરોપીઓએ ગુનામાં એક-બીજાને મદદગારી કરી, ફરિયાદી તથા સાહેદની કાયદેસરની રાજય સેવકની ફરજમાં રૂકાવટ કરી જીલ્લા મેજી.ના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા વિસાવદર પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માણાવદરમાં ભાજપ અનુસૂચિત જનજાતિ મોરચાના પ્રમુખની નિર્મમ હત્યા : પાંચ સામે ફરિયાદ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

માણાવદર તા.૨૩

જૂનાગઢ જિલ્લાના માણાવદર શહેરમાં ગઈકાલે ભર બપોરે ભાજપ અનુસૂચિત જનજાતિ મોરચાના પ્રમુખની હત્યાનો બનાવ બનવા પામતા સનસનાટી મચી જવા પામી છે. આ બનાવમાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી લેવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. મળતી માહિતી મુજબ જૂનાગઢ જિલ્લાના માણાવદરના ભાજપ અનુસૂચિત જનજાતિ મોરચાના પ્રમુખ જગદીશ ઉલવા લગ્ન પ્રસંગમાં જમવા ગયા હતા તે સમયે બે લોકો દ્વારા તેના ઉપર રેકી કરી હતી અને જ્યારે જમીને પરત ફરતા હતા તે દરમ્યાન રઘુવીર પરા રોડ ઉપર બે વ્યક્તિઓ દ્વારા આવી છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં અનુસૂચિત જનજાતિ મોરચાના પ્રમુખ ગંભીર રીતે ઘાયલ થયા હતા. જેથી તેને સારવાર માટે માણાવદર હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ ઉપરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આ હત્યાની ઘટનાની જાણ થતા માણાવદર પોલીસ દ્વારા હત્યારાઓને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. મૃતક જગદીશભાઈ અનુસૂચિત જનજાતિ મોરચાના પ્રમુખ હતા. જગદીશભાઈ અને હુમલાખોરો વચ્ચે અગાઉ મતભેદોના કારણે આ હુમલો કરાયો છે. જગદીશભાઈ ઉલવા ઉપર અગાઉ પણ તેના ઉપર હુમલો થયો હતો તે મામલે માણાવદર પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. દરમ્યાન ગઈકાલે તેઓની નિર્મમ હત્યા કરવામાં આવતા આ બનાવ અંગે મુળુભાઈ જીવાભાઈ ઉલવા(ઉ.વ.૫૨) રહે.થાપલાની ફરિયાદના આધારે આ કામના આરોપી વેજાભાઈ પોલાભાઈ મોરી, હાર્દિકભાઈ વેજાભાઈ મોરી, પુરીબેન વેજાભાઈ મોરી, રાજુભાઈ લખમણભાઈ કોડીયાતર, એભાભાઈ લખમણભાઈ કોડીયાતર વિરૂધ્ધ કલમ ૩૦૨ સહિતની વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ માણાવદર પોલીસ સ્ટેશનના પીએસઆઈ સી.વાય. બારોડ ચલાવી રહ્યા છે.

# જૂનાગઢમાં બંધ મકાનમાંથી દાગીના સહિત રૂા.૧.૫૦ લાખની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢમાં બંધ મકાનમાંથી સોનાના દાગીના સહિત ૧.૫૦ લાખની માલમતાની ચોરી થતા પોલીસે તપાસ આદરી છે. આ અંગે પોલીસમાંથી મળતી વિગત અનુસાર હાલ વડોદરા ખાતે રહેતા અને જૂનાગઢમાં નવા નાગરવાડા શેરી નં-૩માં રાંદલમાંના કુવા પાસે મકાન ધરાવતા મયુરભાઈ મુકુન્દરાય કારીયાનું મકાન ૧૫ નવેમ્બરથી બંધ હતું. ૧૭ જાન્યુઆરીએ વડોદરાથી જૂનાગઢ આવવાનું થતા બંધ મકાનની બારીના લોખંડના સળીયા વાળી ઘરમાં પ્રવેશી તસ્કરો લોખંડ અને લાકડાના કબાટમાંથી જર્મન સિલ્વરના વાસણોનો સેટ, પૂજા માટેના ચાંદીના પાંચ સિક્કા તેમજ માતા-પિતાની યાદમાં સંભાળી રાખેલ સોનાના બે ચેન, બે વીંટી સહિત કુલ રૂા.૧.૫૦ લાખની માલમતા ચોરી ગયા હોવાનું માલુમ પડતા ગઈકાલે આ અંગે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેના આધારે બી ડીવીઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

# સોમનાથ મંદિર ખાતે મહાશિવરાત્રી પર્વ પૂર્વે જીલ્લા વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર સજ્જ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૩

ભગવાન શિવ મહાપર્વ મહાશિવરાત્રી નજદીક આવી રહી હોય અને સોમનાથ મંદિર ભારતનું આઈકોનીક હોય તથા તહેવારમાં માનવ મહેરામણ ઉમટવાની સંભાવનાના પગલે ગીર-સોમનાથ જીલ્લા કલેકટર દિગ્વીજયસિંહ જાડેજા તથા જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા છેલ્લા બે દિવસથી સોમનાથ મંદિર આસપાસ આવવા-જવાના રસ્તાઓનું ફુટ પેટ્રોલિંગ, અભ્યાસ અને લોકોને તથા પ્રવાસીઓને સરળતાથી અવર-જવર કરી શકે તેનું નિરીક્ષણ કર્યુ હતું. આ નિરીક્ષણમાં તેઓની સાથે નગરપાલિકા, સોમનાથ ટ્રસ્ટ, ડેપ્યુટી કલેકટર, મામલતદાર, એસઓજી, એલસીબી, પ્રભાસ-પાટણ પીઆઈ, ડીવાયએસપી કચેરી સહિત અધિકારીઓ અને સ્ટાફ સાથે રહ્યો હતો.

તેઓએ સોમનાથના ભોજનાલયથી લુહાર વંડી તેમજ પઠાણવાડાથી સોમનાથ જતા રસ્તા અને લુહારવંડીથી ખોડીયાર મંદિર સુધીના રસ્તાઓનું નિરીક્ષણ કર્યુ અને જેનો અભ્યાસ કર્યા બાદ આગળના પગલા સંભવીત મનાય છે. ધારણા એમ સેવાય છે કે, વાહનોને તેમજ લોકોને અવર-જવર માટે નડતરરૂપ અને સરકારી જમીન ઉપર દબાણ કરેલા બાંધકામ અને રોડ રોકતા પાર્કિંગને માટે વિચારણા અંતે નિર્ણય લેવાય તેવી શકયતા છે. તદઉપરાંત સોમનાથના ભોજનાલય પાસેથી પણ વાહન પાર્કિંગ સોમનાથથી સીધું જ આવી શકાય તે માટે સોમનાથ મંદિર આવવા વધુ એક રસ્તો ખુલ્લો કરાય અને ભીડ નિવારણ પ્લાન પણ વિચારાધીન છે.

# જૂનાગઢમાં મોડી રાત્રે ભંગાર બજારની દુકાનમાં આગ લાગી

જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢ શહેરમાં સર્કલ ચોક પાસે એસબીઆઈ બેંકની પાછળ આવેલ ભંગાર બજારમાં આવેલી બોલબેરીંગની દુકાનમાં મોડી રાત્રે આગ લાગી હતી. અત્યંત ગીચ અને સાંકડી જગ્યાએ આવેલ ભંગાર બજારમાં દુકાનમાં આગ લાગવાની જાણ થતાં જ એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીઆઈ વત્સલ સાવજ પોલીસ કાફલા સાથે દોડી ગયા હતાં તેમજ ફાયર બ્રીગેડનો સ્ટાફ પણ ઘટના સ્થળે પહોંચી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. જૂનાગઢ શહેરમાં અનેક જગ્યાઓ ગીચ હોવાથી ટ્રાફીકને કારણે ફાયરની ગાડીને જતાં વાર લાગે છે.

# જૂનાગઢમાં જાતે ચપ્પુના જીવલેણ ઘા મારી દેતા યુવાનનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢમાં કામદાર સોસાયટી ચુનાભઠ્ઠીની બાજુમાં રહેતા લાખાભાઈ નાનજીભાઈ સોલંકી(ઉ.વ.૩૦)એ પોતાની મેળે છરી, ચપ્પુ વડે પોતાના ગળા ઉપર જીવલેણ ઘા મારી દેતા ગંભીર ઈજા થવાના કારણે તેનું મૃત્યું થયું છે. એ ડીવીઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.